

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



# SHRI ATMANAND PRAKASH



તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થ

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા

પુસ્તક ૫૩ માર્ગશીર્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


૧. લઘુતાનું ભાન ... ... ... ... ... ... ( પાદરાકર ) ૬૫
૨. શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથનું સ્તવન ... ... ... ( રજનીકાંત બાલચંદ ) ૬૬
૩. તીર્થંકરોનાં લાંછન ... ... ... ... ( હીરાલાલ રસિકદાસ કાપડિયા ) ૬૭
૪. સમ્યક્ ચારિત્ર એટલે સ્વરૂપરમણતા ... ... ( સં. ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ ) ૭૨
૫. પ્રાચીન ફાગુસંગ્રહ ( સમાલોચના ) ... ... ... ( શિ. તુ. જેસલપુરા ) ૭૫
૬. જે વીતરાગ છે તેમના નામસ્મરણથી લાભ કેમ સંભવે ? ... ( હરિલાલ ડી. શાહ ) ૭૭
૭. વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ... ટા. પે. ૨
૮. સાહિત્ય–સમાલોચના ... ... ... ... ... ... ટા. પે. ૩


## આભાર.

આ સભાના સર્વે મેમ્બરોને ભેટ આપવા માટે સં. ૨૦૧૨ ના પંચાંગોની બે હજાર નકલો ઉ. શ્રી પૂર્ણાનંદવિજયજી, પૂના તથા બીજી બે હજાર નકલો ઉંઝા ફાર્મસી તરફથી ભેટ આવેલ છે જે માટે તેઓશ્રીનો આ સભા આભાર માને છે.

# વર્તમાન સમાચાર

**પાટણથી વિહાર :** આચાર્ય વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજે પાટણખાતે પોતાની સાતેક માસની સ્થિરતા દરમિયાન ધાર્મિક કાર્યો સારા પ્રમાણમાં કરાવ્યા. છેલ્લા છેલ્લા દિવાળીના દિવસોમાં પાટણના તમામ જિનાલયોની ચૈત્ય–પરિપાટી શ્રી સંઘ સાથે કરવામાં આવેલ. જ્ઞાનપંચમી મહોત્સવ પ્રસંગે સૂરિજીએ બનારસમાં હતી તેવી સંસ્કૃત–પ્રાકૃત પાઠશાળાની સ્થાપના કરવા માટે ઉપદેશ આપ્યો હતો. કા. શુ. ૧૪ના વ્યાખ્યાનમાં સૂરિજીએ પોતાના ચાતુર્માસ દરમિયાન થયેલ કાર્યોનો સંતોષ વ્યક્ત કર્યો. બાદ ઝવેરીવાડના ઉપાશ્રયે ધામધૂમથી ચાતુર્માસ બદલ્યું, અત્રે આચાર્યદેવ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની જયન્તી પણ ઉજવવામાં આવેલ. ત્યારબાદ કા. વ. ૩ ના વિહાર કરી ખેતરવસી થઇ કુણઘર પધાર્યા. ત્રણ દિવસની અત્રે સ્થિરતા કરવા બાદ તેઓશ્રી ફા. વ. ૮ ના કમ્બોઇ થઇ શંખેશ્વર તરફ પધાર્યા છે. મા શુ. ૨ ની સંક્રાંતી તેઓશ્રી શંખેશ્વર કરશે.

**જાહેર વ્યાખ્યાનો :** મુનિ મહારાજશ્રી ભુવનવિજયજી મહારાજના વિદ્વાન્ શિષ્યરત્ન મુનિવર્ય શ્રી જંબુવિજયજી મહારાજના જાહેર–વ્યાખ્યાનો ભાવનગરખાતે સમવસરણના વંડામાં જ્ઞાનપંચમી પછી દર રવિવારે યોજવામાં આવે છે. જનતા આ વ્યાખ્યાનોનો સારા પ્રમાણમાં લાભ લઇ રહેલ છે. 'આત્માની ઓળખ અને સાચા જ્ઞાનના માર્ગો" ઉપર મુનિવર્ય અસરકારક પ્રવચન આપી રહ્યા છે. સા. શુ. ૧૫ ના શેઠશ્રી ભોગીલાલ મગનલાલના બંગલે ચાતુર્માસ બદલ્યું ત્યારે શેઠશ્રી રમણીકલાલ ભોગીલાલે પણ મુનિવર્ય શ્રી જંબુવિજયજી મહારાજના જાહેર–પ્રવચનની યોજના પોતાના બંગલે કરી હતી, જ્યારે તેઓશ્રીના મનનીય પ્રવચનનો લાભ જનતાએ સારા પ્રમાણમાં લીધો હતો

જનતાની માગણી જોતાં હજુ વધુ જાહેર પ્રવચનો યોજવામાં આવશે તેમ લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૨ | માર્ગશીર્ષ | પુસ્તક ૫૩ મું.
વિક્રમ સં. ૨૦૧૨ | | અંક ૫ મો

## લઘુતાનું ભાન!

નાનકડી મારી નયન કટોરી બે, નાનું કલેજું ઓ પ્રાણુ!
કેમ સમાઓ, વિરાટ સ્વરૂપ? ઓ લોકાલોકના ભાણુ!
વિરાટ તું વામન હું તો ઓ નાથ!
પ્રભુતા ક્યાં તારી? હું દાસાનુદાસ!
નિવસજ્યો ઓ પ્રાણુ! હું શ્વાસોશ્વાસ! ૧

કાયા ને માયાના ગર્વ ભર્યા, રૂપ રંગના રગ રગ વાસ!
વાણી, કવિતા કલાના કલાપે, હું ફૂલ્યો સમાઉં ન ખાસ!
વર્જ્જર દેહિ દિવ્ય ભરેલ સુવાસ!
સદા ઝીલો આત્મ સુજ્ઞાન વિલાસ! નિવસજ્યો. ૨

માનું મને હું પ્રેમ પયગંબર, હસતો ઘડીમાં ઉદાસ!
પાર્થિવને પૂર્ણ માની, પરા ને પશ્યંતિની કરું વાત!
પ્રભુ ત્હને ક્યાંથી પિછાને આ દાસ?
સુખો કેમ લાધે અનંત અવ્યાબાધ? નિવસજ્યો. ૩

ભાન ને સાન બેભાનને આજે, લાધ્યા અંતરિયે આપ!
ઓસરતું અભિમાન બાલકનું, ટાળો અનાદિ સંતાપ!
પિછાન્યાં જડ ને ચેતનનાં ધામ!
જાગ્યા જ્યોતિરૂપે જ્યાં આતમરામ! નિવસજ્યો. ૪

અસ્તિ નાસ્તિ, દ્રવ્ય ગુણુ પર્યાય ને, નિક્ષેપ નય અવદાત!
અરૂપીરૂપ અનંત સ્વરૂપે, ખેલો છો આપોઆપ!
હું તો રમું, રાગ ને દ્વેષ સંગાથ!
સંસારે રાચી રહું રળિયાત! નિવસજ્યો. ૫

અનંતજ્યોતિ અંતર મારે, તુજ સમ ઝળહળ રાજ!
મુજ રૂપ ભૂલી શોધું જ્યાં ત્યાં, જયું મૃગ મૃગમદ કાજ!
પ્રભુ મારે થાવું પ્રભુ સાક્ષાત!
પારસ! કરો પારસ મણિને ય આપ! નિવસજ્યો. ૬

**પાદરાકર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથનું સ્તવન

( ભાગ બીજો )

( ગતાંકથી પૂર્ણ )

એક સમયે ભાવવિજય મુનિ પૂછે ગુરુવરને,
ચક્ષુ પાછાં મેળવવાનું સાધન બતાવો મુજને, ગુરુવર સાધન બતાવો મુજને;
ગુરુવર બોલે, ધર્મની તોલે, તમે ધરો માતાના પાય રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં. ૧૧

પદ્માવતીનું ધ્યાન ધરીને મુનિ તપ-જપ આરંભે,
પ્રસન્ન થઇને માતા બોલે, સાંભળજો તમે આજે, મુનિવર સાંભળજો તમે આજે;
અંતરીક્ષજી જાવો, યાત્રા કરાવો. તમારા ભાગશે સઘળાં દુઃખ રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં. ૧૨

અંતરીક્ષ પ્રભુનો મહિમા સુણી, ભાવવિજય મુનિ આવે;
વિહારનાં કષ્ટ ન સમજે, ધ્યાન એક લગાવે, ગુરુવર ધ્યાન એક લગાવે;
પ્રભુજી મળશે, કારજ સરશે, પામીશ દર્શનાનન્દ રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં. ૧૩

ત્યાં આવી ભાવવિજયે, અઠ્ઠમનો તપ કીધો,
પ્રતિષ્ઠા કરાવી વીરપ્રભુની, દર્શનનો લાવો લીધો, પ્રભુજી દર્શનનો લાવો લીધો;
ચક્ષુ આવે, અંધતા જાવે, એનું હૃદય હરખે ન માય રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં. ૧૪

ભાવવિજયની જેમ પ્રભુજી, દિવ્ય દૃષ્ટિ હું ચાહું.
ભવસાગરથી તરવા કારણ, તુજ દર્શન હું માંગું, પ્રભુજી તુજ દર્શન હું માંગું;
દર્શન દેજો, કરુણા કરજો, ત્રિભુવનના દાતાર રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં. ૧૫

ભવ્ય જનોનાં દુઃખ હરનારી, મૂર્તિ ભવભંજનહારી,
દેશ વિદેશનાં લોકો સુણજો, પ્રતિમા આ ઉપકારી, લોકો પ્રતિમા આ ઉપકારી;
દર્શન કરજો, પાવન થાજો, તમારા ખપશે ક્રોડો કર્મ રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં. ૧૬

ભુવનવિજયના જંબુવિજયે ઇતિહાસનું શોધન કીધું;
**રજની** કહે ભાવે ગુરુએ, મોટું આ જસ લીધું, પ્રભુજી મોટું આ જસ લીધું;
શિવસુખ વરશે, ભવદુઃખ હરશે, એવા ફલશે ગુરુરાજ રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં. ૧૭

'બીજાપુરનું' સ્નાત્રમંડળ, એ પ્રભુનાં ગુણ ગાવે,
નરનારી સહુ ભેગાં થઇને, ભક્તિ ભરે તને વિનવે, પ્રભુજી ભક્તિ ભરે તને વિનવે;
સમકિત થાપજે, દર્શન દેજે, અમે આવ્યા છીએ તારે દ્વાર રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં. ૧૮

રજનીકાંત બાલચંદ-બાલાપુર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થંકરોનાં લાંછન

( લેઃ—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. )

**અર્થ**—'લાંછન' એ મૂળે 'સંસ્કૃત' શબ્દ છે. એના વિવિધ અર્થ છે, જેમકે (૧) ચિહ્ન, (૨) નામ, (૩) કલંક, (૪) ચન્દ્ર ઉપરનો ડાઘ, અને (૫) સીમા–ચિહ્ન.

'લાંછન' શબ્દ ગુજરાતીમાં પણ વપરાય છે, એના ચિહ્ન, ડાઘ અને કલંક યાને બટ્ટો એમ ત્રણ અર્થ કરાય છે.

'લાંછન' માટેનો પાઇય શબ્દ 'લંછન' છે, એના ચિહ્ન યાને નિશાની, નામ અને ચિહ્ન કરવું તે એમ ત્રણે અર્થ કરાય છે.

આમ લાંછન (પા. લંછન) શબ્દ આપણી વિવિધ ભાષાઓની દૃષ્ટિએ અનેકાર્થી છે. પ્રસ્તુત લેખમાં ચિહ્ન—તીર્થંકરના દેહ ઉપરનું ચિહ્ન એ અર્થમાં મુખ્યતયા સમજવાનો છે, અને એ રીતે જૈનોમાં આજે પણ આ શબ્દ વપરાય છે.

**પર્યાય અને નિષ્પત્તિ-અભિધાનચિન્તામણિ**-(કાંડ ૨, શ્લો. ૨૦)માં 'લાંછન' શબ્દના અંક, અભિજ્ઞાન, કલંક, ચિહ્ન, લક્ષણ અને લક્ષ્મન્ એમ છ પર્યાયો અપાયા છે. વિશેષમાં એની સ્વોપજ્ઞ વિવૃત્તિ-(પૃ. ૪૦)માં નીચે મુજબ 'લાંછન' શબ્દની નિષ્પત્તિ દર્શાવાઇ છેઃ—

**"लाञ्छ्यते अनेनेति लाञ्छनम्"**

આમ 'લાંછન' શબ્દ 'લાંછ્' ધાતુ ઉપરથી બનેલો છે. આ ધાતુના બે અર્થ છેઃ (૧) નિશાની કરવી અને (૨) શોભાવવું.

**લાંછનો**—આ ચાલુ અવસર્પિણીમાં આપણા દેશમાં ચોવીશ તીર્થંકરો થઇ ગયા છે. એ દરેકના દેહ ઉપર ભિન્ન ભિન્ન મનાતા પ્રકારનું લાંછન હતું એમ **પવયણસારુદ્ધાર**(પત્ર ૯૬ અ)ની નિમ્નલિખિત ગાથાઓ જોતાં જણાય છેઃ—

**"वसह १ गय २ तुरय ३ वानर ४**
**कूंचू ५ कमलं ६ च सत्थिओ ७ चंदो ८।**
**मयर ९ [1]सिरिवच्छ १० गंडय ११**
**महिस १२ वराहो १३ य सेणो १४ य ॥३७९॥**
**वज्जं १५ हरिणो १६ छगलो १७**
**नंदावत्तो १८ य कलस १९ कुंभो २० य।**
**नीलुप्पल २१ संख २२ फणी २३**
**सीहो २४ य जिणाण चिन्धाइं ॥३८०॥"**

આમ જે આ ગાથામાં ૨૪ જિનેશ્વરોનાં ચિહ્નો યાને લાંછનો પાઇયમાં ગણાવાયાં છે તેનાં સંસ્કૃત નામો એની વૃત્તિ(પત્ર ૯૬ અ)માં **સિદ્ધસેનસૂરિએ** દર્શાવ્યાં છે. આ વૃત્તિ વિ. સં. ૧૨૪૮માં રચાઇ છે, એ હિસાબે લાંછનોને લગતો ઉપર્યુક્ત ઉલ્લેખ ઓછામાં ઓછો ૮૦૦ વર્ષ જેટલો તો પ્રાચીન ગણાય. પ્રસ્તુત ગાથાઓ **આવસ્સય**ની નિજ્જુત્તિની હોય એમ જણાતું નથી. જો એમ જ હોય તો એ શું કોઇ અન્ય પ્રાચીન કૃતિની છે?

ચોવીસે લાંછનોનાં નામ **સમવાય**માં જણાતાં નથી, તો એને લગતો પ્રાચીનમાં પ્રાચીન ઉલ્લેખ શેમાં છે?

ઉપર્યુક્ત બંને ગાથાઓ, **વિક્રમની ચૌદમી સદી**-માં થઇ ગયેલા પ્રદ્યુમ્નસૂરિએ **વિચારસારપયરણ**-માં ગાથા ૧૦૮–૧૦૯ તરીકે રજૂ કરી છે. એમાં ઋષભદેવથી માંડીને મહાવીરસ્વામી સુધીના ચોવીસ તીર્થંકરોનાં લાંછનો અનુક્રમે ગણાવ્યાં છે. એ લાંછનોનાં ગુજરાતી નામ નીચે મુજબ છે.

૧ બળદ, ૨ હાથી, ૩ ઘોડો, ૪ વાંદરો, ૫ ક્રૌંચ (પક્ષી), ૬ કમળ, ૭ સ્વસ્તિક યાને સાથિયો, ૮ ચન્દ્ર, ૯ મગર, ૧૦ શ્રીવત્સ, ૧૧ ગેંડો, ૧૨ પાડો, ૧૩ ડુક્કર, ૧૪ બાજ (પક્ષી), ૧૫ વજ્ર,

---

[1] મલયગિરિસૂરિજીએ **આવસ્સય**ની વૃત્તિમાં આ પાઇય શબ્દ માટે 'શ્રીવત્સ' અને 'શ્રીવક્ષસ્' એમ બે શબ્દ–સંસ્કાર આપ્યા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૬ હરણ, ૧૭ બકરો, ૧૮ [1]નંદા(ઘા)વર્ત, ૧૯ કળશ, ૨૦ કુંભ યાને ઘડો, ૨૧ નીલ કમળ ૨૨ શંખ, ૨૩ સર્પ અને ૨૪ સિંહ.

**મતાંતર**–કમલવિજયના શિષ્ય **આનંદવિજયે** [2]**પાંચ બોલ ચોવીશ જિન છંદ** વિ. સં. ૧૫૬૨ માં રચ્યો છે, એમાં **મલ્લિનાથનું** લાંછન 'કળશ' હોવાનો અને **મુનિસુવ્રતસ્વામીનું** લાંછન 'કાચબો' હોવાનો ઉલ્લેખ છે. પ્રસ્તુત પંક્તિઓ નીચે પ્રમાણે છે:-

"પ્રભાવતી રાણી માતા અંગજાત,
'કલશ' લંછન પ્રણમું **મલ્લિનાથ**–૨૧"
"**મુનિસુવ્રત** લંછન 'કાચબો',
ભાવે વંદું જિન વીશમો–૨૨"

વિક્રમની ૧૮ મી સદીમાં થઇ ગયેલા **જ્ઞાનવિમલસૂરિએ** '[3]**ચોવીશ જિન લાંછન**' નામનું ચૈત્યવંદન રચ્યું છે. એમાં એમણે ૧૯મા અને ૨૦મા તીર્થંકરનાં લાંછન તરીકે 'કુંભ' અને 'કચ્છપ' (યાને કાચબો) ગણાવેલા છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:—

"**મલ્લિ** 'કુંભ' વખાણીયે
સુવ્રત 'કચ્છપ' વિખ્યાત."

**જૈન તત્ત્વાદર્શ** (પૃ. ૨૮, પંચમ સંસ્કરણ)માં પણ આ પ્રમાણેનો ઉલ્લેખ છે. **આર્હત જીવન જ્યોતિના** ત્રીજા ભાગરૂપ મારી ત્રીજી "કિરણાવલી". (પૃ. ૧૬–૧૭)માં જે ચોવીશ લંછનોનાં ચિત્રો છે તેમાં પણ 'કુંભ' અને 'કાચબો' છે. વિશેષમાં **ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રના** અંગ્રેજી અનુવાદ-(પ્રથમ ખંડ)માં પણ લગભગ અંતમાં જે **૨૪** લાંછનનાં ચિત્રો છે તેમાં પણ એમ જ છે. આમ જે પ્રણાલિકા જણાય છે તેના સમર્થનાર્થે હું 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **અભિધાનચિન્તામણિ**-(કાંડ ૧)માં જે નિમ્નલિખિત બે પદ્યો આપ્યાં છે તે હું રજૂ કરું છું:—

**"वृषो गजोऽश्वः प्लवगः क्रौञ्चोऽब्जं स्वस्तिकः शशी।**
**मकरः श्रीवत्सः खड्गी महिषः शूकरस्तथा॥४७॥**
**श्येनो वज्रं मृगश्छागो नन्द्यावर्तो घटोऽपि च।**
**कूर्मो नीलोत्पलं शङ्खः फणी सिंहोऽर्हतां ध्वजाः॥४८॥"**

આને અંગેની સ્વોપજ્ઞ વિવૃતિ(પૃ. ૧૭)માં નીચે મુજબ લખાણ છે:—

**"वृषादयः चतुर्विंशतिः अर्हतां-ऋषभादीनां ध्वजाः चिह्नानि। एते च दक्षिणाङ्गविनिवेशिनो लाञ्छनभेदा इति।"**

આ ઉપરથી જાણી શકાય છે કે 'ધ્વજ'નો અર્થ અહીં 'ચિહ્ન' કરવાનો છે. વિશેષમાં આ ૨૪ ચિહ્ન જમણા અંગ ઉપર હોય છે. આ ઉપરાંત 'ચિહ્ન' કહો કે 'લાંછન' કહો તે એક જ છે. આમ હેમચન્દ્રસૂરિએ પણ જૈનોમાં રૂઢ બનેલો 'લાંછન' શબ્દ વાપર્યો છે.

**વિસંવાદનાં મૂળ**–ચોવીસ લાંછનો પૈકી બાવીસ પરત્વે તો એકવાક્યતા છે.[4] ફેર બે જ પૂરતો છે. એક બાજુ હેમચન્દ્રસૂરિનું કથન છે તો બીજી બાજુ **પવયણસારુદ્ધારના** કર્તા **નેમિચન્દ્રસૂરિનું** કથન છે. આ પૈકી એકે કથન સ્વતંત્ર નિરાધાર હોઇ શકે નહિ. એટલે એને કોઇ પ્રાચીન અને પ્રમાણિક ગ્રંથનો આધાર હોવો જોઇએ, તો એ જણાવવા કોઈ કૃપા કરશે?

૧ અહીં "નંદાવત્ત"ના સંસ્કૃત નામ તરીકે 'નંદાવર્ત્ત'નો ઉલ્લેખ છે.

૨ આ ૨૯ કડીનો છંદ **સજ્જન સન્મિત્રની** ઈ. સ. ૧૯૧૩માં પ્રસિદ્ધ કરાયેલી પ્રથમ આવૃત્તિ-(પૃ. ૨૫–૨૭)માં છપાયો છે. એમાં ચોવીશ તીર્થંકરનાં તેમજ એમનાં માતા અને પિતાનાં નામ, એમની નગરીનાં નામ અને એમનાં લાંછન એ પાંચ બાબત અપાઇ છે.

૩ આ **સજ્જન સન્મિત્ર** (પૃ. ૨૦–૨૧)માં છપાવાયું છે.

૪ 'કુંભ' અને 'કળશ' વચ્ચેનો ભેદ જતો કરાતાં આમ કહી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વર્ગીકરણ:**—૨૪ લાંછનોમાંના આપણે ભિન્ન ભિન્ન વર્ગ પાડી શકીએ. કળશ અને કાચબો એ બંને ગણતાં પચ્ચીસ લાંછનો થાય. તેમાં તિર્યંચ પંચેન્દ્રિયનો મોટો ભાગ છે. એમાં પશુસૂચક દસ નામો નીચે મુજબ છે:-ગેંડો, ઘોડો, કુક્કર, પાડો, બકરો, બળદ, વાંદરો, સિંહ, હરણ અને હાથી.

પંખી-વાચક નામ બે છે: ક્રૌંચ અને બાજ.

આ ઉપરાંતનાં અન્ય પ્રાણીઓનાં નામ નીચે પ્રમાણે છે;-કાચબો, મગર અને સર્પ.

કેટલાંક નામ ભૂમિતિને લગતી આકૃતિઓનું સ્મરણ કરાવે છે. જેમ કે નન્દ્યાવર્ત, શ્રીવત્સ અને સ્વસ્તિક.

બાકીનાં નામને 'પ્રકીર્ણક' તરીકે ઓળખાવીએ, તે નામો હું નીચે મુજબ રજૂ કરું છું:-કમળ અને નીલ કમળ, કળશ અને કુંભ, શંખ, ચન્દ્ર અને વજ્ર.

**પરિચય:**—પ્રાણીવાચક પંદર નામ છે. તેમાંથી બાજ પક્ષીને 'શકરો' તેમ જ 'સીંચાણો' પણ કહે છે. એને અંગ્રેજીમાં હૉક (Hawk) કહે છે. એ પક્ષીની વાત **શિબિ** રાજાના પ્રસંગમાં તેમજ **શાંતિ**નાથના ચરિત્રમાં પણ આવે છે.

**ક્રૌંચ**ને માટે અંગ્રેજીમાં **હેરન** (Haron) તેમજ કર્લ્યુ (Kurlew) શબ્દ પણ વપરાય છે. 'ક્રૌંચ' ને માટે સંસ્કૃતમાં 'કુંચ' અને 'કુંચ્' એ બે શબ્દો પણ વપરાય છે. પાઇયમાં 'કોંચ' શબ્દ છે. એ **ઠાણ**(ઠા. ૭, સુત્ત ૫૫૩)માં વપરાયો છે. અહીં કહ્યું છે કે 'ધૈવત્' સ્વર સારસ અને ક્રૌંચ ઉચ્ચારે છે.

**નન્દ્યાવર્ત, શ્રીવત્સ અને સ્વસ્તિક**—આ વિષે મેં મારા [1]લેખ નામે "સ્વસ્તિક, શ્રીવત્સ અને નન્દ્યાવર્ત" માં બન્યું તેટલા વિસ્તારથી નિરૂપણ કર્યું છે. વળી પાંચમી "કિરણાવલી"ના "આઠ મંગળ" નામના પ્રથમ કિરણમાં પણ એ વિષે કેટલીક હકીકત રજૂ કરી છે. સાથે સાથે એમાં મથાળે આઠે મંગળોના ચિત્રો અને પૃ. ૩ માં કેટલાંક મંગળોનાં અન્યાન્ય ચિત્રો પણ આપ્યા છે. આથી અહીં હું હવે એ બાબતોને જતી કરી, કેટલીક બાબત ઉમેરું છું:—

**નન્દ્યાવર્ત અને નંદાવર્ત**—પાઇય સાહિત્યમાં 'નંદાવત્ત' તેમજ 'નંદિયાવત્ત' એમ બંને શબ્દો વપરાયા છે અને એના અનુક્રમે અનુરૂપ સંસ્કૃત શબ્દો 'નંદાવર્ત' અને 'નંદ્યાવર્ત' છે. આ બંને બીનાની, **રાયપ્પસેણઇજ્જ**ની **મલયગિરિસૂરિ**કૃત વૃત્તિ (પત્ર ૮ અ) સાક્ષી પૂરે છે, કેમકે એ સૂરિએ આ બંને શબ્દો અને એના શબ્દસંસ્કારની નોંધ લીધી [2]છે. આ સૂરિએ **ઓવવાઇય** ઉપર વૃત્તિ રચી છે. એની નીચે મુજબની પંક્તિ નંદ્યાવર્તના સ્વરૂપ ઉપર પ્રકાશ પાડે છે:—

**"नन्द्यावर्तः प्रतिदिग्नवकोणः स्वस्तिकविशेषो रूढिगम्यः।"**

આ ઉપરથી જાણી શકાય છે કે નન્દ્યાવર્તને, પ્રત્યેક દિશામાં નવ ખૂણા હોય છે અને એ એક જાતનો સ્વસ્તિક છે.

નવ ખૂણા હોવાની વાત **અભયદેવસૂરિ**એ **પણ્હાવાગરણ**(દાર ૧)ની વૃત્તિમાં દર્શાવી છે. એમની પહેલાં કોણે તેમ કર્યું છે?

નન્દાવર્ત કે નન્દ્યાવર્ત કે એ બંને શબ્દની સિદ્ધિ વિષે કોઇ સ્થળે ઉલ્લેખ હોય એમ જાણવામાં નથી. એથી નન્દાવર્તને અંગે એક કલ્પના સ્ફુરે છે તે રજૂ કરું છું. નન્દાવર્ત-નન્દ આવર્ત. નન્દ નવ થયા છે. આવર્તનો અર્થ આંટો, ચકરાવો એમ કરાયો છે. આથી નવ આવર્તવાળો સ્વસ્તિક તે 'નન્દાવર્ત' એમ કહી શકાય.

૧ આ લેખ "ચિત્રમયજગત્" (વર્ષ ૨૧ અંક ૧૨) માં ઇ. સ. ૧૯૩૬ માં છપાયો છે.

૨ **ઓવવાઇય** (સુત્ત ૨૬, પત્ર ૫૨ આ તેમજ સુત્ત ૩૧, પત્ર ૬૮ આ) માં 'ણંદિઆવત્ત' શબ્દ વપરાયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'નન્દ્યાવર્ત' માંનો અંતિમ અંશ 'આવર્ત' હોય તો પૂર્વ અંશ નન્દિ, નન્દી કે નન્દ્ય સંભવે. નન્દિ તેમ જ નન્દીનો અર્થ 'મહાદેવનો પોઠિયો' થાય છે, પણ એ અત્ર અપ્રસ્તુત જણાય છે. સમૃદ્ધિ, મંગળ કે પ્રમોદ સૂચવનાર આવર્તવાળો સ્વસ્તિક એવો અર્થ નંદ્યાવર્તનો થઇ શકે તેમ છે. એ અત્ર પ્રસ્તુત હશે. આ તો કલ્પનાઓ છે. કોઇ આધાર મળે તો એ સબળ બને.

**શ્રીવત્સ**-આને અંગે **અભિધાનચિન્તામણિ**( કાંડ ૨ શ્લો. ૧૩૬ )ની સ્વોપજ્ઞ વિવૃત્તિ-( પૃ. ૯૬ )માં નીચે મુજબ ઉલ્લેખ છે:–

" **श्रिया युक्तो वत्सः–वक्षः अनेन श्रीवत्सः, रोमावर्तविशेषः ।** "

આમ 'શ્રીવત્સ'માં શ્રી અને વત્સ એ બે શબ્દો છે અને 'વત્સ'નો અર્થ છાતી થાય છે. શ્રીવત્સ એટલે શ્રીથી યુક્ત છાતી. 'શ્રીવત્સ' એક પ્રકારનું વાળનું ગુંચળું છે. પ્રસ્તુતમાં એ ગુંચળા જેવો આકાર સમજવાનો છે.

**ઓવવાઇય**ની વૃત્તિમાં શ્રીવત્સને અંગે નીચે મુજબનો ઉલ્લેખ છે:—

"**श्रीवत्सः तीर्थंकरहृदयावयवविशेषाकारः** "

આનો અર્થ એ છે કે 'શ્રીવત્સ' એ તીર્થંકરના હૃદયના એક અવયવનો વિશિષ્ટ આકાર છે. **પ્રમેયરત્નમંજૂષામાં** કહ્યું છે કે 'શ્રીવત્સ' એ મહાપુરુષની છાતી ઉપર રહેલા ઊંચા અવયવ ઉપરનું લાંછન છે:

**સ્વસ્તિક**—અહીં 'સ્વસ્તિક' થી 'દક્ષિણાવર્ત' સ્વસ્તિક સમજવાનો હોય એમ લાગે છે. **ઓવવાઇય**( સુત્ત ૧૦ )ની મલયગિરિસૂરિકૃત વૃત્તિ-( પત્ર ૧૯અ )માં 'દિશા–સોત્થિય' માટે દિક્–સ્વસ્તિક અને દક્ષિણાવર્ત સ્વસ્તિક એમ બે પર્યાયોનો ઉલ્લેખ છે.

**ચિત્રો**—આઠે મંગળનું એકેક ચિત્ર વિ. સં. **૧૫૧૨**માં સુયંપુર( સુરત )માં લખાયેલી એક હાથપોથીમાં છે. વિશેષમાં [1]આઠ મંગળરૂપ બંધવાળા **ચન્દ્રપ્રભજિનસ્તવનને** લગતી આ હાથપોથી છે. એ 'વિદ્વદ્–વલ્લભ' મુનિશ્રી પુણ્યવિજયજીએ તા. ૨૪–૩–૫૫ ને રોજ મને અમદાવાદમાં બતાવી હતી. એ ચિત્ર તેમજ લખાણ એમ ઉભય દૃષ્ટિએ ખંડિત હાથપોથીનો ઉપયોગ મેં એમની અનુજ્ઞાથી, મુંબઇ વિદ્યાપીઠ તરફથી "Illustrations of Letter Diagrams" ( ચિત્રકાવ્યોનાં ઉદાહરણો ) નામનો મારો જે સચિત્ર લેખ છપાય છે, તેના બીજા હપ્તા માટે કર્યો છે. એ ઉપરથી ચિત્ર–કાવ્યના ત્રણ નમૂના તેમજ એનાં ચિત્રોનો ખ્યાલ આવી શકે તેમ છે.

**કમળ**—છઠ્ઠા તીર્થંકરના લાંછન તરીકે કમળનો બાંધિભારે ઉલ્લેખ જોવાય છે, જ્યારે એકવીસમા તીર્થંકરને અંગે 'નીલ કમળ' એવો ઉલ્લેખ છે. આથી 'કમળ' થી કયા વર્ણનું કે કેટલાં પત્રનું કે કેવું એ સમજવું તે જાણવું બાકી રહે છે.

**કળશ અને કુંભ**—કેટલીક વાર આ બેને એકાર્થક ગણવામાં આવે છે, શું અહીં પણ તેમ જ સમજવાનું છે? જો એમ જ હોય તો એ પ્રમાણેનાં લાંછનવાળી અને લાંછનથી જ ઓળખી શકાય તેવી પ્રતિમાઓ કેવી રીતે ઓળખી શકાય?

કળશથી નાળચાવાળો કુંભ સમજવાનો હોય તો તે વાત જુદી છે, પણ એ અર્થ અહીં કરવા માટે શો આધાર છે?'

**શંખ**—સ્વસ્તિકની જેમ શંખ પણ બે પ્રકારના ગણાવાય છે. તેમાં 'દક્ષિણાવર્ત' ઉત્તમ મણાય છે. અહીં લાંછન તરીકે એ સમજવાનો કે કેમ? અને તે માટે શો આધાર છે?

**વજ્ર**—આનો આકાર કેટલીક પ્રતિમાની ગાદી ઉપર જોવાય છે. આ જાતનો પ્રાચીનમાં પ્રાચીન

---

૧ આમાં 'વર્ધમાનક' પણ ગણાવાય છે. **ઓવવાઇય** ( સુ. ૨૪ )ની મલયગિરિસૂરિકૃત વૃત્તિ( પત્ર ૫૧અ )માં વર્ધમાન એટલે 'શરાવ' અથવા પુરુષના ઉપર આરૂઢ થયેલો પુરુષ એમ બે અર્થ અપાયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને વિશ્વસનીય નમૂનો કયો છે? વજ્ર-બંધથી અલંકૃત કેટલાંક પદ્યો મળે છે તો એને અંગે પ્રાચીનમાં પ્રાચીન ચિત્ર શેમાં મળે છે?

**સ્થાન**–લાંછનોનાં સ્થાન તરીકે તીર્થંકરના દેહનો, એમની પ્રતિમાના આસનનો અને એમના ધ્વજનો ઉલ્લેખ જોવાય છે. આ ત્રણે બાબત આપણે ક્રમશઃ વિચારીશું.

**દેહ**–આપણે જોઈ ગયા તેમ હેમચન્દ્રસૂરિએ કહ્યું છે કે પ્રત્યેક તીર્થંકરના દેહના જમણા ભાગમાં લાંછન હોય છે. આ લાંછન જમણી જાંઘ ઉપર હોવાનું સામાન્ય રીતે મનાય છે, પરંતુ એના સમર્થનાર્થે પ્રાચીનમાં પ્રાચીન પ્રમાણ શું મળે છે તેની તપાસ કરવી બાકી રહે છે.

ઋષભદેવને તો બંને જાંઘ ઉપર બળદનું લાંછન હતું એમ આવશ્યકની નિજ્જુત્તિની નિમ્નલિખિત ૧૦૮૦મી ગાથા ઉપરથી જાણી શકાય છે:—

**“ उरूसु उसभलंछण उसभं सुमिणंमि तेण उसभजिणो ।**

**अक्खेसु जेण अजिआ जणणी अजिओ जिणो तम्हा ॥ १०८० ॥ ”**

**પ્રતિમા**–તીર્થંકરોની પ્રતિમા એકસરખી હોય છે. એ કયા તીર્થંકરની છે તે જાણી શકાય તે માટે પ્રતિમામાં જમણી જાંઘે લાંછન દર્શાવવું શકય નહિ જણાવાયાથી કે કોઈ અન્ય કારણ હોય તો તેથી, પ્રતિમાના આસન ઉપર–એની ગાદી ઉપર, એના મધ્ય ભાગમાં કે જે પલાંઠીની બરાબર નીચે આવે છે તેમાં અને કોઈક પ્રતિમાના [1]પબાસણમાં લાંછનને સ્થાન અપાતું આવ્યું છે.

મુંબઈમાં વાલકેશ્વર ઉપર શ્રી આદીશ્વરજીનું જે દહેરાસર છે તેમાં લાંછન પબાસણ ઉપર છે એમ કેટલાકની પાસે મેં સાંભળ્યું છે.

**ધ્વજ**–જૈન તત્ત્વાદર્શ–(પરિચ્છેદ ૧, પૃ. ૨૭)-માં એના કર્તા 'પંજાબોદ્ધારક' વિજયાનન્દસૂરિએ નીચે મુજબનો ઉલ્લેખ કર્યો છે:—

**“ अथ चोवीस तीर्थङ्करों के चिन्ह जो कि उनके दक्षिण पग में वा उनकी ध्वजा में होते है । ”**

અહીં લાંછન ધ્વજમાં હોવાનું જે કહ્યું છે તે માટે કોઈ આધાર અપાયો નથી તેમ હું પણ અત્યારે કોઈ આધાર પ્રમાણભૂત ગ્રંથની સાક્ષી આપી શકું તેમ નથી એટલે એ કાર્ય હું તજ્જ્ઞોને ભળાવું છું.

ઋષભદેવ વગેરે ચોવીસે તીર્થંકરો રાજકુંવરો હતા. એમાંથી [2]પાંચ સિવાયના બધા રાજા બન્યા અને તેમાંના [3]ત્રણ તો ચક્રવર્તી થયા, આથી એમને ધ્વજ હશે એમ મનાય.

પ્રત્યેક તીર્થંકરની આગળ ઇન્દ્રધ્વજ હોય છે, એમ કહેવાય છે. આમ જે ભિન્ન ભિન્ન ધ્વજ ગણાવાય છે તે પૈકી અહીં કયો ધ્વજ અભિપ્રેત છે? શું બધાએ ધ્વજ પ્રસ્તુત છે?

આ ઉપરાંત તીર્થંકરની સમીપમાં સમવસરણમાં રત્નમય ધ્વજ અને પૂર્વ દિશામાં ધર્મ–ધ્વજ, દક્ષિણમાં મીન–ધ્વજ અને પશ્ચિમમાં ગજ–ધ્વજ અને ઉત્તરમાં સિંહધ્વજ હોય છે.

---

૧ આ શબ્દ સંસ્કૃત કે પાઈય હોય એમ જણાતું નથી. એ કોઈ સંસ્કૃત શબ્દનું રૂપાંતર–અપભ્રષ્ટરૂપ હશે. આથી હું એ 'પ્રભુનું આસન'એ અર્થસૂચક 'પ્રભ્વાસન' ઉપરથી ઊતરી આવ્યાની કલ્પના કરું છું. જેમકે પ્રભ્વાસન–પબ્બાસણ–પબાસણ.

૨ વાસુપૂજ્યસ્વામી, મલ્લિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી.

૩ શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યક્ ચારિત્ર એટલે સ્વરૂપરમણતા*

## ( સંક્ષિપ્ત સ્વરૂપ )

( સં૦ ડૉકટર વલ્લભદાસ નેણસીભાઈ–મોરબી )

આત્માનો સ્વ–સ્વભાવ જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગનો છે. ઓછું કે વધુ કે સંપૂર્ણ જ્ઞાન–દર્શન અને વીર્ય પોતાના સ્વરૂપમાં નિર્મળ જ છે. બારમા ગુણસ્થાનક સુધી જ્ઞાન–દર્શન એ વીર્યનો ઉઘાડ ( ક્ષયોપશમ ભાવ હોવાથી ) અપૂર્ણ છે, અનંતમા ભાગ જેટલો છે. તેરમા–ચૌદમા ગુણસ્થાનકે અને સિદ્ધાવસ્થામાં એ જ્ઞાન–દર્શન અને વીર્યનો ઉઘાડ ( ક્ષાયિક ભાવ હોવાથી ) સંપૂર્ણ છે. એ અપૂર્ણ જ્ઞાન દર્શન સાથે અપૂર્ણ વીર્યનો વ્યાપાર થાય તેનું નામ જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ છે. જ્ઞાન–દર્શન અને વીર્ય એ ત્રણેયની અપૂર્ણતાને અંગે જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ એ પણ અપૂર્ણ છે. એવો અપૂર્ણ જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ છદ્મસ્થ જીવોને ૧ થી ૧૨ ગુણસ્થાનકોમાં હોય છે. એ અપૂર્ણ જ્ઞાનોપયોગવડે વિવક્ષિત સમયે કોઇ પણ એક જ દ્રવ્યના વર્તમાન પર્યાય જેટલું જ જાણપણું થાય છે અને એ અપૂર્ણ દર્શનોપયોગવડે વિવક્ષિત સમયે કોઇ પણ એક જ દ્રવ્યનું જોવાપણું થાય છે. જે વખતે જે દ્રવ્યના જે પર્યાયનો જ્ઞાનોપયોય હોય અથવા દર્શનોપયોગ હોય તે વખતે તે દ્રવ્યના તે પર્યાયના જ્ઞાન-દર્શન સિવાય બીજા કોઇ પણ દ્રવ્યો તથા તેના પર્યાયના જાણપણાનો કિંવા જોવાપણાનો વ્યાપાર હોતો નથી. એટલું જ નહીં પરંતુ વિવક્ષિત દ્રવ્યના વર્તમાન પર્યાય સિવાય–ભૂત–ભાવી–અનંત–પર્યાયોના જ્ઞાન–દર્શનનો પણ અભાવ હોય છે. જે સમયે જ્ઞાનોપયોગ હોય છે તે સમયે દર્શનોપયોગ ન હોય, અને જે સમયે જ્ઞાનોપયોગ છે તે સમયે દર્શનોપયોગ ન હોય–આ વ્યવસ્થા તો છદ્મસ્થ જીવો માટે જણાવી.

જે આત્માઓ પૂર્ણ જ્ઞાન–દર્શનની શક્તિવાળા છે, અર્થાત્ જ્ઞાનગુણનો ઘાત કરનાર, જ્ઞાનાવરણીય કર્મનો, દર્શન ગુણનો ઘાત કરનાર દર્શનાવરણીય કર્મનો તેમજ આત્માની અનંત શક્તિનો ઘાત કરનાર અંતરાય કર્મનો જે આત્માઓએ સ્વભાવદશાના વીર્યોલ્લાસથી સંપૂર્ણ ક્ષય કર્યો છે તેવા તેરમા–ચૌદમા ગુણસ્થાનકોમાં વર્તતા તેમજ સિદ્ધ અવસ્થામાં વર્તતા આત્માઓને અનંત જ્ઞાન અને અનંત દર્શન સાથે અનંત વીર્યનો વ્યાપાર થતાં સમયે સમયે અનંત પદાર્થોનું તેમજ દરેક પદાર્થ–દ્રવ્યના અનંત અનંત પર્યાયોનું જાણપણું, જોવાપણું વર્તે છે. સમયમાં એ અનંત દ્રવ્યોના અનંત પર્યાયોને જાણવાનો ઉપયોગ હોય છે તેનું નામ કેવળજ્ઞાનોપયોગ કહેવાય છે અને જે સમયમાં એ અનંત દ્રવ્યો ઉપર જ ઉપયોગ છે, તેનું નામ કેવળદર્શનોપયોગ કહેવાય છે.

એ કેવળજ્ઞાનોપયોગ અને કેવળદર્શનોપયોગની સાથે આત્મામાં વિકારીભાવ પ્રગટ કરનાર એક પણ ઘાતીકર્મના ઉદયનું મિલન ન હોવાથી, લોકાલોકના સર્વ દ્રવ્યો તેમજ સર્વ પર્યાયોને જાણવા–જોવા સિવાય ( સંપૂર્ણ–જ્ઞાતા–દ્રષ્ટા સિવાય ) બીજો કોઇ પણ આ મારું, આ પારકું, આ અનુકૂળ, આ પ્રતિકૂળ, આ સારું, આ ખોટું વિગેરે કોઈ પણ વિકારો હોતા નથી, એ વિકારોના સર્વથા અભાવથી ફક્ત જ્ઞાતા–દ્રષ્ટા તરીકે જ વર્તતી આત્માની જે અવસ્થા તેનું નામ "સ્વરૂપરમણતા."

આ તો કેવળી આત્માઓ માટે વિચાર્યું. હવે છદ્મસ્થ અપૂર્ણ–જ્ઞાન–દર્શન–વીર્યવાળા આત્માઓ માટે વિચારીએ. છદ્મસ્થ જીવોમાં બે અવસ્થા છેઃ બે પ્રકાર છે. એક સરાગ છદ્મસ્થ, બીજો વીતરાગ છદ્મસ્થ. એમાં જે વીતરાગ છદ્મસ્થ છે તેને જેટલે અંશે જ્ઞાન–દર્શન અને વીર્યનો ઉઘાડ છે, તેટલે અંશે તે

* એક વિદ્વાન મુનિમહારાજ સાથે આ અંગે ચર્ચા વિચારણા થતાં જે જાણી શકાયું છે તે તત્ત્વજિજ્ઞાસુઓ માટે પ્રસિદ્ધ કર્યું છે. લેખક.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માને સંપૂર્ણ સ્વરૂપરમણુતા છે. અર્થાત્ એ વીતરાગ છદ્મસ્થપણામાં પરભાવની રમણતા જરા પણ નથી. જો કે કેવળી ભગવંતની અપેક્ષાએ એ વીતરાગ છદ્મસ્થ આત્માઓને જ્ઞાન-દર્શન અને વીર્યનો ઉઘાડ અનંતમા ભાગ જેટલો છે તો પણ એ અનંતમાં ભાગ જેટલા જ્ઞાન-દર્શન અને વીર્યના ઉઘાડ સાથે અર્થાત્ જ્ઞાનોપયોગ, દર્શનોપયોગની સાથે મોહનીયના ઉદયજન્ય વિકારનો અભાવ હોવાથી તેટલે અંશે સ્વરૂપરમણુતા જ છે. શાસ્ત્રમાં એ અપેક્ષાએ જ વીતરાગ છદ્મસ્થ તથા વીતરાગ કેવળી એ બન્નેના સંયમસ્થાનની વિશુદ્ધિ એક સરખી જ કહેલી છે. સંયમસ્થાનમાં તરતમતા થવાનું કારણ મોહનીયનો ઉદય છે, એ મોહનીયના ઉદયનો અભાવ, વીતરાગ છદ્મસ્થમાં (૧૧-૧૨ ગુણસ્થાનકમાં) તથા વીતરાગ કેવળીમાં (૧૩-૧૪ ગુણસ્થાનકમાં) સમાન છે એટલે સંયમસ્થાનની વિશુદ્ધિમાં તરતમતા નથી.

મોહનીયના ઔદયિક ભાવના અભાવની અપેક્ષાએ સંયમ-સ્થાનવિશુદ્ધિની સમાનતા વીતરાગ છદ્મસ્થ તથા વીતરાગ કેવલી બન્નેમાં એક સરખી છે તેમ જણાવ્યું, તો પણ વીતરાગ છદ્મસ્થના ચારિત્ર-પર્યાયની અપેક્ષાએ વીતરાગ કેવલીનો ચારિત્રપર્યાય અનંત ગુણ છે એમ જે શાસ્ત્રોમાં કહેલ છે તે પણ બરાબર છે, કારણ કે વીતરાગ છદ્મસ્થને જ્ઞાન-દર્શન અને વીર્યનો ઉઘાડ અનંતમા ભાગ જેટલો હોવાથી તેટલો જ ચારિત્રપર્યાય છે, જ્યારે વીતરાગ કેવલીને જ્ઞાન-દર્શન અને વીર્યનો સંપૂર્ણ ઉઘાડ હોવાથી તેમને અનંતગુણ ચારિત્રપર્યાય બરાબર ઘટી શકે છે.

હવે સરાગી છદ્મસ્થ માટે સ્વરૂપરમણુનો વિચાર કરીએ. સરાગી છદ્મસ્થ જીવોના બે પ્રકાર-(૧) મિથ્યાદ્રષ્ટિ સરાગી, અને (૨) સમ્યગ્દ્રષ્ટિ સરાગી-એ બંનેમાં મિથ્યાદ્રષ્ટિ સરાગીને સ્વરૂપરમણુતાનો (સંયમવિશુદ્ધિનો તથા ચારિત્રનો) સર્વથા અભાવ છે અર્થાત્ સંપૂર્ણતયા પરભાવની રમણુતા છે. ઉપરાંત રુચિ પણ પરભાવરમણુતાની જ છે—

સમ્યગ્દ્રષ્ટિ સરાગીના બે પ્રકાર—અવિરત અને વિરતિવંત. એ બન્નેમાં અવિરત સમ્યગ્દ્રષ્ટિ સરાગીને સંપૂર્ણતયા પરભાવની રમણુતા છે. સ્વરૂપરમણુતાનો પુરુષાર્થ નથી છતાં સમ્યગ્દ્રષ્ટિપણાને અંગે પરભાવની રમણુતા ઉપર અરુચિ અને સ્વરૂપરમણુતા પર રુચિ છે.

સમ્યગ્દ્રષ્ટિ વિરતિવંત સરાગી છદ્મસ્થના બે પ્રકાર છે. (૧) સમ્દ્રષ્ટિ દેશવિરતિ અને (૨) સમ્દ્રષ્ટિ સર્વવિરતિ-એ બંનેમાં દેશવિરતિને બીજા નંબરના કષાયોદયના અભાવે રૂપીયે એક આના જેટલી સ્વરૂપરમણુતા અને ત્રીજા ચોથા કષાયોદયને અંગે પંદર આની પરભાવરમણુતા વર્તે છે.

સમ્દ્રષ્ટિ સર્વવિરતના બે પ્રકાર-(૧) સમ્દ્રષ્ટિ સર્વવિરતિ અપ્રમત્ત સરાગી છદ્મસ્થ અને (૨) સમ્દ્રષ્ટિ સર્વવિરતિ પ્રમત્ત સરાગી છદ્મસ્થ-એ બન્ને પ્રકારમાં સર્વવિરતિ પ્રમત્તને સંપૂર્ણ સ્વરૂપરમણુતા માટેના પુરુષાર્થ છતાં સંજ્વલન કષાયોદયની તીવ્રતાને અંગે વારંવાર તેમાં સ્ખલિતપણું વર્તે છે.

સમ્દ્રષ્ટિ અપ્રમત્ત સરાગીના પુનઃ બે પ્રકાર-બાદર અને સૂક્ષ્મ. બાદર છદ્મસ્થને સંજ્વલન કષાયોદયનો જેટલો જેટલો અભાવ, તેટલી તેટલી સ્વરૂપરમણુતાની વૃદ્ધિ, અને જેટલો જેટલો સંજ્વલન કષાયોનો સદ્ભાવ તેટલી તેટલી પરભાવની રમણુતા વર્તે છે. સૂક્ષ્મ સરાગીને સંજ્વલન સૂક્ષ્મ લોભના ઉદય જેટલી જ પરભાવની રમણુતા; બાકી લગભગ સંપૂર્ણપણે સ્વરૂપરમણુતા વર્તે છે, અને ત્યારબાદ એ સૂક્ષ્મ સંજ્વલન લોભનો પણ ઉપશમ શ્રેણીવાળાની અપેક્ષાએ ઉપશમ અને ક્ષપકશ્રેણીવાળાની અપેક્ષાએ ક્ષય થતાં તેટલી પણ પરભાવની રમણુતા ટળી જાય છે. તેમજ અગાઉ જણાવ્યા પ્રમાણે સંપૂર્ણપણે સ્વરૂપરમણુતા પ્રગટે છે.

વાસ્તવિક રીતે સમ્૦ જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રણે અભેદસ્વરૂપે અનુભવાય, ત્યારે જ સ્વાનુભવ જ્ઞાન પ્રાપ્ત થયું છે એમ નિશ્ચય થાય છે. રાગ-દ્વેષનો ક્ષય તો ૧૦ મા ગુણસ્થાનકે થાય છે, પણ રાગ-દ્વેષના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદય વખતે રાગ-દ્વેષમય ન બનતાં દ્રષ્ટાભાવે, અબંધક પરિણામે, રાગ-દ્વેષના ઉદયને વેદીને તેનાથી જેટલે અંશે મુકત થવાય તેટલે અંશે ચારિત્ર કહેવાય છે, માટે સ્વસ્વરૂપની રમણુતા ( આત્મોપયોગ ) તે જ્ઞાન અને સ્થિરતા (સત્તાગત મોહનીય કર્મને) ઉદયગત વેદતી વખતે સમપરિણામે દ્રષ્ટાભાવે નિર્વિકલ્પપણે અબંધ પરિણામે વેદીને રાગદ્વેષજન્ય ઉદયગત કર્મનો અબંધક ભાવે ક્ષય કરે તેને જ ચારિત્ર કહે છે.

સ્વરૂપરમણુતા એટલે જ્ઞાનદર્શનમય આત્મસ્વભાવમાં-આત્મસ્વરૂપમાં વર્તવું અને તેમાં જ રમણુ કરવું, પરમાનંદ માનવો તે અને તેનું નામ જ ખરું " ચારિત્ર "

મહાન્ તત્ત્વજ્ઞ શ્રીમદ્ દેવચંદ્રજી ચોથા અભિનંદન પ્રભુના સ્તવનમાં કહે છે કે—

**જેમ જિનવર આલંબને,**
**વધે સધે એક તાન હો મિત;**
**તેમ તેમ આત્માલંબની,**
**ગ્રહે સ્વરૂપ નિદાન હો મિત.**

**ભાવાર્થ**—જેમ જેમ સાધક જે આપણો જીવ તે શ્રી જિનેશ્વર દેવની તત્ત્વપ્રભુતાને આલંબને વધે કહેતાં અરિહંતની શુદ્ધતામાં તન્મયપણે થાય. એકતાન કહેતાં એકત્વપણું સધે કહેતાં નીપજે તેમ તેમ એ સાધક જીવ-પોતાનો આત્મા કાર્યરૂપ તેના સ્વરૂપને અવલંબે-ઉપાદાન-સ્મરણુ-ચિંતન-ધ્યાનરૂપ થાય તે વખતે એક સ્વરૂપનું નિદાન કહેતાં મૂળ કારણુ ગ્રહે-અંગીકાર કરે.

ત્યારપછી બીજી ગાથામાં કહે છે કે—

**સ્વસ્વરૂપ એકત્વતા, સાધે પૂર્ણાનંદ હો મિત;**
**રમે ભોગવે આત્મા, રત્નત્રયી ગુણવૃંદ હો મિત.**

**ભાવાર્થ**:—તે જ્યારે સ્વ-સ્વરૂપ એકાગ્રતા-જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ગ્રહે તે વખતે શુદ્ધ સ્વરૂપભોગી થાય તેથી સાધે કહેતાં નીપજે, પૂર્ણાનંદ કહેતાં સંપૂર્ણ-આત્યંતિક, એકાંતિક, અબાધક, સ્વાધીન આત્મસુખ નીપજે, પછી તે આત્મા પોતાની રત્નત્રયી આદિક ગુણવૃંદને વિષે રમે, તેને જ ભોગવે, તન્મય થાય, આદિ અનંતો કાળ સ્વપરિણામિક પ્રગટપણે વર્તે.

**ઉપસંહારમાં**:—મહાન્ તત્ત્વદ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્ર વીતરાગ માર્ગ સ્વરૂપમાં નીચેની ગાથાઓથી સ્વરૂપરમણુતાની સ્પષ્ટતા બહુ જ સંક્ષેપમાં જણાવે છે.

**છે દેહાદિથી ભિન્ન આત્મા રે,**
**ઉપયોગી સદા અવિનાશ;**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે,**
**કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ;**
**મૂળ મારગ સાંભળો જિનનો રે.**

**જે જ્ઞાને કરીને જાણ્યું રે,**
**તેની વર્તે છે શુદ્ધ પ્રતીત;**
**કહ્યું ભગવંતે દર્શન તેહને રે,**
**જેનું બીજું નામ સમકિત.**
**મૂળ મારગ સાંભળો જિનનો રે.**

**જેમ આવી પ્રતીતિ જીવની રે,**
**જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ;**
**તેવો સ્થિર સ્વભાવ તે ઉપજે રે,**
**નામ ચારિત્ર તે અણુલિંગ.**
**મૂળ મારગ સાંભળો જિનનો રે.**

**એ ત્રણે અભેદ પરિણામથી રે,**
**જ્યારે વર્તે તે આત્મરૂપ;**
**તેહ મારગ જિનનો પામિયો રે,**
**કિંવા પામ્યો છે નિજ સ્વરૂપ.**
**મૂળ મારગ સાંભળો જિનનો રે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'પ્રાચીન ફાગુસંગ્રહ'

( સમાલોચના )

પ્રાચીન–મધ્યકાલીન યુગમાં વસંતઋતુમાં–ફાગણ-ચૈત્ર માસમાં ગાવા માટે રચાયેલાં, ભાવને જાગ્રત કરતાં પ્રકૃતિવર્ણનવાળાં કાવ્યો 'ફાગુ' કહેવાય છે. તેમાંનાં બહુ થોડાં જુદાં પુસ્તકરૂપે, 'પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહ,' 'પ્રાચીન કાવ્યસુધા' તથા 'ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ' માં, તેમ જ જુદાં જુદાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલાં છે. મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા તરફથી તાજેતરમાં આવાં ૩૮ જેટલાં ફાગુઓનો સંગ્રહ 'પ્રાચીન ફાગુસંગ્રહ' નામથી પ્રગટ થયા છે અને તેનું સંપાદન જાણીતા વિદ્વાન સંશોધક ડો. ભોગીલાલ સાંડેસરાએ શ્રી સોમાભાઈ પારેખની મદદથી કર્યું છે.

આ ફાગુઓ વિક્રમની ૧૪ મી સદીથી ૧૮ મી સદી સુધીના સમય દરમ્યાન રચાયેલાં છે. તે કાળમાં આ કાવ્યપ્રકારની પરંપરા કેવી ચાલુ હતી તેમ જ જૈન તથા જૈનેતર કવિઓએ તેને કેવો ખીલવ્યો હતો એ તેથી સુંદર રીતે જાણવા મળે છે. ૧૪ મી સદીથી ૧૮ મી સદી સુધીની ગુજરાતી ભાષાનો સળંગ વિકાસક્રમ–જે એક જ પુસ્તકમાં ભાગ્યે સાંપડે છે તે–પણ તેમાં પ્રાપ્ત થાય છે, જે ભાષાના અભ્યાસીને ઘણો ઉપયોગી થઈ પડે તેમ છે.

સંપાદકોએ શ્રમ લઈને વડોદરા, પાટણ, જેસલમેર, લીંબડી, ચાણસ્મા, વગેરે સ્થળોના જૈન ભંડારો તથા ગૂજરાત વિદ્યાસભા અને પ્રાચ્ય વિદ્યામંદિર જેવી સંસ્થાઓના હસ્તલિખિત ગ્રંથોના ભંડારોમાંથી હસ્તપ્રતો મેળવીને આ ફાગુઓના આધારભૂત પાઠ આપ્યા છે. એટલું જ નહીં પણ એક જ ફાગુની શક્ય તેટલી વધુ હસ્તપ્રતો મેળવીને પાઠાંતરો પણ નોંધ્યા છે. આ રીતે પુસ્તકમાં સંશોધનની શાસ્ત્રીયતા જાળવવામાં આવી છે. સંપાદકોની આ પ્રકારની કાર્યપ્રણાલિ સંશોધનની દિશામાં કામ કરનારને નવીન માર્ગદર્શન કરાવે છે અને ગુજરાત તેમ જ બહારના જુદા જુદા જૈન ભંડારોમાં ઊંચા પ્રકારની સાહિત્યકૃતિઓ હસ્તલિખિત પ્રતોરૂપે રહેલી છે તેનો ખ્યાલ આપે છે.

સંગ્રહમાં જૈનેતર કરતાં જૈન ફાગુઓની સંખ્યા વિશેષ છે. તેમાંના કુલ ૩૮ ફાગુઓમાંથી ૨૮ ફાગુઓમાં જૈન ધર્મની મહાન્ વ્યક્તિઓના પ્રેરણાત્મક જીવનપ્રસંગોને ગૂંથી લેવામાં આવ્યા છે. એક જ પ્રસંગનું નિરૂપણ કરતાં એકથી વધુ ફાગુઓ પણ તેમાં છે. નેમિનાથ વિષે ૯, સ્થૂલિભદ્ર વિષે ૩ અને પાર્શ્વનાથ વિષે ૨ ફાગુઓ છે. એક જ જીવનપ્રસંગનું જુદા જુદા કવિઓએ કેવું વિવિધ નિરૂપણ કરેલું છે તેનું, આ રીતે સુંદર ઉદાહરણ તેમાંથી મળે છે.

આપણું પ્રાચીન–મધ્યકાલીન સાહિત્ય ધર્મપ્રધાન હતું એવો અભિપ્રાય હવે નિરાધાર ઠરતો જાય છે. આ ફાગુસંગ્રહ તે માટે એક સચોટ પ્રમાણ પૂરું પાડે છે. ધર્માર્થે પણ તેમાં કરવામાં આવેલો પ્રણય કે શૃંગારનો વિનિયોગ તત્કાલીન સમાજની રસવૃત્તિ કેવી ઉત્કટ હશે તેનો આબેહૂબ ખ્યાલ આપે છે.

ફાગુસાહિત્યની ખાસ વિશિષ્ટતા તો એ છે કે–પ્રાચીન–મધ્યકાલીન યુગની ઊંચા પ્રકારની રસથી ઊછળતી કવિતા તેમાં પ્રાપ્ત થાય છે. 'પ્રાચીન ફાગુસંગ્રહ'નાં ઘણાંખરાં ફાગુઓ ઉત્તમ કવિતાના નમૂનારૂપ છે. નાયિકાનાં નખશીખ સૌંદર્યનાં, ઋતુઓની પ્રકૃતિનાં ને નાજુક પ્રસંગોનાં અલંકાર–કલ્પનાભર્યાં, ભભકભર્યાં, ચિત્રાત્મક વર્ણનો તેમાં ઠેર ઠેર વેરાયેલાં માલૂમ પડે છે. સ્થળસંકોચને કારણે બહુ થોડાં ઉદાહરણો અહીં આપી શકાશે:—

ઝિરિમિરિ ઝિરિમિરિ ઝિરિમિરિ એ મેહા વરિસંતિ,
ખલહલ ખલહલ ખલહલ એ વાહલા વહંતિ,
ઝબઝબ ઝબઝબ ઝબઝબ એ વીજુલિય ઝબકઈ,
થરહર થરહર થરહર એ વિરહિણિમણુ કંપઈ.

( જિનપદ્મસૂરિકૃત 'સ્થૂલિભદ્ર ફાગુ' )

× × ×



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામિની ક્રિઅણુ પૂઠિ જ ધાઇ, ચીર છૂટિ છેહડા ધસાઇ,
વિલવિલઇ વિરહિણી સાહિ બાંહિ, વાલહાં વિદેસિકાં મૂકી જાઇ
( ચતુર્ભુજકૃત 'ભ્રમરગીતા' )

* * *

સરલ તરલ અતિ કોમલ, ગોરિય ચંપકવાનિ,
દંતિ વર્ધરાગહુ દીપઇ, ઝાઝ ઝલાપઇ કાનિ.
( અજ્ઞાત કવિકૃત 'મોહિની ફાગુ' )

ઉત્કટ લાગણીનાં તાદૃશ હૃદયસ્પર્શી વર્ણનો પણ તેમાં ઓછાં નથી. ઉદાહરણ તરીકે–

તે સાજન કિમ વીસરઇ જસ ગુણ વસિયા ચિંતિ,
ઊંઘમાંહિં જુ વીસરઇ સુંહુંણામાંહિં દીસંતિ.

* * *

હું સિઇ ન સરજી પંષિણિ, જિમ ભમતી પ્રીઉ પાસિ,
હું સિઇ ન સરજી ચંદન, કરતી પ્રિયતનુ વાસ;
હું સિઇ ન સરજી ફૂલડાં, લેતી આલિંગન જાણ,
મુહિ સુરંગ જ શોભતાં, હું સિઇ ન સરજી પાન.
( જયવંતસૂરિકૃત 'સ્થૂલિભદ્ર કોશા–પ્રેમવિલાસ ફાગ' )

* * *

રયણી ન આવી નીંદ્રડી, ઉદક ન ભાવઇ અન્ન,
સુની ભમી એ દેહડી, નેમિસું લાગું મન્ન;
આંસુઅડિ ઝડિ લાગી, ભીજિં કંચુકચીર,
મયણ સંતાપઇ આપી પાપી દહિં શરીર.

* * *

ચંદ તપિ સૂરજ પરિ, દાદુર દઇ દુષ જોર,
ઘોર ઘનાઘન ગાજઇ, ન વલિ કંત કઠોર.
( વિનયવિજયકૃત 'નેમિનાથ ભ્રમરગીતા' )

વિરહનાં કે તલસાટનાં આવાં ઉત્કટ ને રસિક આલેખન ઉપરાંત શબ્દમાધુર્ય, દોહરા–રોળા–ચોપાઇ જેવા છંદોની ભાવાનુરૂપ યોજના, ઇત્યાદિ ગુણ-સામગ્રી પણ અનેક ફાગુઓમાં, ચિત્તને હરી લે તેવી ને તેટલી રહેલી છે.

એકંદરે સંશોધનની શાસ્ત્રીયતાને ભાષાના સળંગ વિકાસક્રમ સાથે મધ્યકાલીન કવિતાના એક નવા જ રસમય પ્રદેશનું દર્શન આ ફાગુસંગ્રહ કરાવે છે. પુસ્તકને અંતે આપેલો શબ્દકોશ તે માટે મદદરૂપ થઇ પડે તેવો છે. આ શબ્દકોશને વિસ્તૃત બનાવ્યો હોત તેમ જ પુસ્તકની શરૂઆતમાં કૃતિપરિચય અને પ્રતિપરિચય સાથે ફાગુસાહિત્ય વિષે રસલક્ષી વિવેચનનિબંધ ઉમેરવામાં આવ્યો હોત તો જૂની ગુજરાતી ભાષાથી ઓછા પરિચિત વાચકને પણ આ પ્રકારના સાહિત્યમાં રસ લેવાની શક્યતા વધી હોત. આ ફાગુસંગ્રહ તેના સંપાદકોની સાહિત્યસેવાને ઊંચા સ્થાનની અધિકારી ઠરાવે છે. આ પ્રકારનાં વધુ ને વધુ સંશોધનો–સંપાદનો તેમના તરફથી ગુજરાતને પ્રાપ્ત થાય એવી ઇચ્છા સાથે તેમને અભિનંદન આપતાં આનંદ થાય છે.

શિ. ગુ. જેસલપુરા

## બોલો તેટલું તોળીને બોલો

આ લોકમાં પૂજાવાની ખાતર, આ લોકની વાહવાહ ખાતર, નામનાની ખાતર, ચાર માણસો કહે કે–ઠીક, આપણે પહેલ કરી, આ તો ક્રાંતિવાદી, આ તો ખરા હિંમતબાજ, કેવો એમણે જમાનો ઓળખ્યો, આવા લેભાગુ ભક્તોના શબ્દો સાંભળી ભલે ગજ–ગજ ઉછળીએ, લોકો ભલે તાળીઓ પાડે, પણ યાદ રાખવું જોઇએ કે, સૂત્ર વિરુદ્ધ એક અક્ષર પણ ઉચ્ચારીએ તો આપણા આત્માને જ સંસારમાં રખડવું પડશે, રખડતાં–રઝળતાં દુર્ગતિમાં ભટકતા નરક–નિગોદની યાતનાઓ સહતાં પણ આરો નહિ આવે, માટે બોલો તો તોળીને બોલો.

**સંસ્કારની સીડી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જે વીતરાગ છે તેમના નામસ્મરણથી લાભ કેમ સંભવે ?

લેઃ—હરિલાલ ડી. શાહ બી. એ.

આ વિષમકાળમાં ભારતના છ એ દર્શનો પૈકી મુખ્ય પ્રચલિત દર્શનો સંસારસમુદ્રમાંથી તરવા માટે ભક્તિ માર્ગને મુખ્ય આધારરૂપ માને છે. જૈનદર્શન પણ ભક્તિમાર્ગ ઉપર ખૂબ ભાર મૂકે છે. પણ આ બુદ્ધિવાદના જમાનામાં સહજ પ્રશ્ન એ થાય છે કે—વીતરાગ ભગવાન જગતના કર્તા નથી. રાગદ્વેષ રહિત છે, તેમની ભક્તિ કરનારા ઉપર તેઓને રાગ નથી. અને નહી ભક્તિ કરનારા અગર નિષેધ કરનારા તરફ દ્વેષ નથી તો પછી તેમની ભક્તિ અગર નામસ્મરણ કરવાથી લાભ કઇ રીતે સંભવે? એક તરફની પ્રીતડી કેમ હોઇ શકે? ભગવાનનું નામસ્મરણ કરવા છતાં ભગવાન આપણાં દુઃખો દૂર કરવાની અગર સંસારસમુદ્રમાંથી તારવાની જવાબદારી શ્રી ભગવદ્ ગીતામાં શ્રી કૃષ્ણભગવાને લીધી છે, તેવી લેતા નથી, તો શાસ્ત્રમાં ભક્તિમાર્ગ તરફ આટલો બધો ભાર કેમ મૂકયો હશે? શ્રી ભગવદ્ગીતાના કર્તાએ તો શ્રીકૃષ્ણ ભગવાનના મુખ દ્વારા નીચેના શ્લોકમાં સંપૂર્ણ જવાબદારી ભગવાને લીધી છે, તેની ખાત્રી આપી છે.

**सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं वज ।**
**अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥**

શ્રીકૃષ્ણભગવાન અર્જુનને એમ કહે છે કે—હે અર્જુન, તું બીજા બધા ધર્મ, બીજી બધી પ્રવૃત્તિઓ અગર સંકલ્પોવિકલ્પો છોડી દઇ એક મારા શરણે આવ, અને હું તને તારા તમામ પાપમાંથી બચાવી લઇશ. સંસારસમુદ્રના તાપથી કંટાળેલો જીવ સહજ રીતે ભગવાનના શરણે જવા પ્રેરાય એ સ્વાભાવિક છે. વીતરાગ દર્શન આવી રીતના સમર્પણને માને છે પણ તે ન્યાય, બુદ્ધિ અને તર્કયુક્ત રીતે; કેમ કે શ્રી ભગવદ્ગીતાના ભગવાન જગતના કર્તા છે જ્યારે વીતરાગ દર્શનના ભગવાન જગતના કર્તા નથી પણ દૃષ્ટા છે, તેમજ માર્ગદર્શક છે. એટલે જે માર્ગદર્શક હોય તેમનો માર્ગ બુદ્ધિગમ્ય અને ન્યાયયુક્ત હોય તો જ જીવો સ્વીકારે.

વીતરાગ ભગવાન પોતાના શરણે આવવાનું કહે છે પણ તેમના સ્થૂલ શરીરના શરણે નહી, પરંતુ તેમના જ્ઞાનના શરણે આવવાનું કહે છે. તેમનું જ્ઞાન શું કહે છે તેના ઉપર જરા દૃષ્ટિ કરી, પછી આગળ વધીએ. એ જ્ઞાન એમ કહે છે કે—જગતના તમામ જીવો નિશ્ચય દૃષ્ટિએ સ્વતંત્ર છે. દરેક જીવ પોતે સ્વયંભૂ છે. પરવસ્તુ કે જડનો આશ્રય તેને લેવાનો હોય તો તેની સ્વતંત્રતા હણાય, અનાદિકાળ નિગોદમાં, નારકીમાં રખડ્યો, છતાં આત્માનો એક પ્રદેશ ઓછો થયો નથી. જો પરના આશ્રયે આત્માનું અસ્તિત્વ ટકી રહેવાનું હોત તો અનંત કાળ રખડ્યા પછી આત્મા ઘરડો થઈ જાત. આત્મા પોતે સ્વતંત્ર દ્રવ્ય છે, જડ એ પણ સ્વતંત્ર દ્રવ્ય છે. કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યનું સ્વામી હોઇ શકે જ નહી. જ્યાં દ્રવ્યના ચિંતનમાંહે પણ પરદ્રવ્યનું સ્વામીપણું છે ત્યાંસુધી તે દ્રવ્ય શુદ્ધ નથી. આત્મા આત્મામાં છે અને જડ જડમાં છે. મતલબ કે વિકલ્પનો એક અંશ પણ આત્માનો સ્વભાવ નથી. આત્મા તો નિર્વિકલ્પ અને આનંદઘન, અજર, અમર, દ્રવ્ય છે. વીતરાગ ભગવાને આ રીતે દરેક આત્માની સ્વતંત્રતા સમજાવી, પરવસ્તુની બેડીમાંથી મુક્ત થવાનું જ્ઞાન આપ્યું, પણ અનાદિકાળના કષાયોથી લેપાયેલો જીવ એમ ઓછો સંકલ્પવિકલ્પ કર્યા વગર રહેવાનો છે! વીતરાગ ભગવાનની જાણ બહાર આ હકીકત હોય જ નહિ, અને તેથી તેમણે વ્યવહારુ માર્ગ સૂચવ્યો અને તે એ કે જેમણે જેમણે પોતાના આત્માને સ્વરૂપમાં સ્થિર રાખી સ્વતંત્ર અને સ્વયંભૂ બનાવ્યા છે, તેમનું નામસ્મરણ કર. એક વાર સ્વયંભૂ થવાનો આદર્શ નક્કી કર્યા પછી નામસ્મરણ કરવાથી આત્મા સ્વતંત્ર છે તેની સતત જાગ્રતિ રહેશે. આ જાગ્રતિ જેમ જેમ વધતી જશે, તેમ તેમ સંકલ્પવિકલ્પો સમાતા જશે. અને બાહ્ય પ્રવૃત્તિઓ ઉપરથી રુચિ સહજ ઘટતી જશે. આત્માના પ્રદેશો, જે વર્તમાનમાં ચરૂમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉકળતા પાણી જેવા છે, તે સ્થિર અને શાંત થતાં આત્મા ક્રમે ક્રમે પોતાના ગુણસ્થાને વધતો જશે. અમુક ગુણસ્થાન વટાવી ગયા પછી તો, વીતરાગ ભગવાનના નામસ્મરણ કરવાની પણ જરૂર નહી રહે, કેમકે સ્વતંત્ર આત્માને તેટલી પણ પરાશ્રયની જરૂર નથી. જે જેવું ચિંતન કરે તે તદ્રૂપ થઇ જાય, એ નગ્ન સત્યનો પ્રત્યક્ષ અનુભવ થશે. આ તો તત્ત્વદૃષ્ટિએ વિચાર કર્યો પણ તત્ત્વનું જ્ઞાન ન હોય, અગર સમજવામાં રસ ન હોય તો શું વીતરાગનું નામસ્મરણ કરવાનો તેમને અધિકાર નથી? અલબત છે.

આ જડવાદના જમાનામાં પરમાણુઓની શક્તિથી ભાગ્યે જ કોઇ અજાણ્યો હશે. રેડીઓ, ટેલીફોન, ટેલીવીઝન, અણુબોમ્બ વગેરેની શક્તિ કેટલી છે તેની માહિતી કેળવાયેલ વર્ગને તો ખાસ થઇ જ ચૂકી છે. અમેરિકાના પ્રમુખ પાંચ હજાર માઇલ દૂરથી ભાષણ કરતા હોય તો તે જ ક્ષણે આપણે અહીં બેઠા સાંભળી શકીએ છીએ. ટેલીવીઝનની શોધથી તેમના સ્થૂલ શરીરનો ફોટો પણ જોઈ શકાય છે. રેડીઓ દ્વારા ઘરમાં બેઠા આખા જગતના સમાચારો સાંભળી શકીએ છીએ. આત્માની તેના ક્ષેત્રમાં જેમ અનંત શક્તિ છે તેમ પરમાણુઓની પણ અનંત શક્તિ છે. શરીરના, ભાષાના તથા મનના પણ પુદ્દગલો છે. ચોવીસે કલાક શરીરના પુદ્દગલો કામ કર્યે જ જાય છે. પુદ્દગલ શબ્દનો અર્થ "પુદ્દ" એટલે પોષાવું અને "ગલ" એટલે ગલી જવું. પોષાવાનો અને ગલી જવાનો સ્વભાવ છે જેનો, તેનું નામ પુદ્દગલ. શરીર પોષાય છે તેમ તેનું ગલન—નાશ પણ થાય છે. આ બંને ક્રિયાઓ સાથે સાથે થાય છે. બચપણમાં અને યુવાવસ્થામાં પોષણ પ્રવૃત્તિ વિશેષ અને ગલતીનું પ્રમાણ ઓછું હોય છે. જ્યારે ગલતીનું પ્રમાણ વધારે અને પોષણનું પ્રમાણ ઓછું થાય ત્યારે ઘડપણ આવે છે. આની વિશેષ સમજ માટે વૈજ્ઞાનિકોએ શોધખોળ કરી છે, જેના પરિણામે ઘરમાંથી ચોર ચોરી કરીને ચાલ્યો જાય અને જેના ગયા પછી અમુક સમયમાં તે સ્થાનનો ફોટો લેવામાં આવે તો ચોરનો ફોટો આવી શકે છે. કેમ કે તે તેના શરીરના પુદ્દગલો મૂકતો ગયો છે. સંતપુરુષોની પધરામણી ઘેર કરવાનું પ્રયોજન પણ આ જ છે. તેઓના પવિત્ર પુદ્દગલોથી ઘરનું વાતાવરણ પવિત્ર બને. આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે શરીરના પુદ્દગલોનું દ્રવણ ચોવીશે કલાક ચાલુ છે. ભાષાના પુદ્દગલોની શક્તિ તો હવે અજાણ્યુ રહી જ નથી. મનના પુદ્દગલો શું કામ કરી રહ્યા છે તે જાણવાની વિજ્ઞાનીઓ શોધ કરવામાં અમુક અંશે સફળ થયા છે. સાક્ષીદાર સાચું બોલે છે કે જૂઠું, તે જાણવા માટેનું યંત્ર શોધી કાઢયું છે. મનુષ્યનો કુદરતી સ્વભાવ સાચું બોલવાનો છે. જૂઠું બોલવા માટે કૃત્રિમતા કરવી પડે છે. ફોટામાં સીધો લીસોટો દેખાય તો સાચું બોલે છે અને વળાંક આવે તો જૂઠું બોલે છે એમ મનાય છે. આટલું વિષયાંતર મૂળ વિષય સમજવા માટે કરી, હવે મૂળ વાત ઉપર આવીએ છીએ. ભગવાનના નામ રટણના શબ્દો એ પુદ્દગલો છે. એ પુદ્દગલો તેના ઉચ્ચાર સાથે ચૌદ રાજલોક સુધી પહોંચી જાય છે. અહીં એક સિદ્ધાંત કામ કરે છે. સજાતીય વસ્તુ સજાતીય વસ્તુને આકર્ષી લાવે છે. જેમ તળાવમાં એક કાંકરો નાખવામાં આવે તો તો તેના વર્તુલો થતા થતા કિનારા સુધી પહોંચે છે, અને પાછા ફરી જે ઠેકાણે કાંકરો નાખ્યો હોય ત્યાં આવી સમાઇ જાય છે. તે સિદ્ધાંત અનુસાર લોભના વિચારો કરીએ તો એવા પ્રકારના પુદ્દગલો ખેંચી લાવી લોભને પોષણ આપીએ છીએ, ક્રોધના વિચારો કરવાથી ક્રોધ વધારતા જઇએ છીએ, અને વિષયના વિચારો કરવાથી વિષય મજબૂત બનાવતા જઇએ છીએ. વીતરાગના વિચારો કરવાથી તથા તેમનું નામસ્મરણ કરવાથી વીતરાગ ભાવમાં ઉમેરો કરીએ છીએ. પ્રશ્ન એ થાય છે કે વીતરાગ ભગવાન કર્મથી રહિત છે. તે તો ચૈતન્યમૂર્ત્તિ છે. ભાષાના પુદ્દગલો તેમની પાસેથી શું ખેંચી લાવે? અલબત્ત, ભગવાન રાગદ્વેષ રહિત છે, પણ પત્થર જેવા તો નથી જ. તેમની પાસે જે હોય તે વસ્તુ માગવામાં આવે તો તે ખુલ્લી જ પડી છે. સૂર્ય જેમ કોઇને ઓછો અગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈને વધુ પ્રકાશ આપે એવું કરતો નથી. કેમ કે પ્રકાશ આપવો તે તેનો સ્વભાવ જ છે. એટલે જેને પ્રકાશ જોઈતો હોય તેને તેનાથી અભિમુખ થવું જોઈએ. તેવી રીતે ભગવાન અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્રવાળા સ્વભાવે છે. તે ગુણો તેમણે જાહેર માટે ખુલ્લા મૂકેલા છે. તે મફત મેળવી શકાય છે. શરત માત્ર એટલી જ છે કે તે મેળવવા માટે જેટલા પ્રમાણમાં આપણા ભાવ હોય, તથા-પ્રકારનો પુરુષાર્થ હોય તો જરૂર મળે છે. ભાવથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે, એમ જ્ઞાનીઓએ કહ્યું છે, તે તદ્દન વૈજ્ઞાનિક દૃષ્ટિએ સત્ય છે. સ્વ. શ્રી આણંદશંકર બાપુભાઈ ધ્રુવ, તેમણે જપ શબ્દનો મહિમા આ રીતે ઘટાવેલો. "જ" એટલે જન્મ થતાં "પ" પાલન કરવાની શક્તિ છે, જેનામાં એનું નામ જપ. આ વ્યાખ્યા તદ્દન યથાર્થ છે. તેમની અને આપણી માન્યતામાં ફેરમાત્ર એટલો જ છે કે, જપ કરવાથી ઈશ્વર પાલન કરે છે, જ્યારે જૈન દર્શન પ્રમાણે જીવ જેવા ભાવો કરે છે તેવો થઈ શકે છે. વીતરાગ દર્શન આત્માની સંપૂર્ણ આઝાદી કોઈની જરા પણ દયા ઉપર છોડી દેતું નથી. અને વૈજ્ઞાનિક રીતે પ્રભુભક્તિ અને જપનો મહિમા સમજાવે છે. પણ આ વાત તો પરમાણુઓની શક્તિ જેઓ સમજતા હોય તેમના માટે થઈ. જેઓ તત્ત્વ જાણતા નથી, અગર જેમને પરમાણુની શક્તિનો ખ્યાલ નથી, તેઓને નામસ્મરણ કરવાથી શું ફાયદો ન થાય? અલબત્ત થાય, જો શ્રદ્ધા હોય તો જ્ઞાન કરતાં શ્રદ્ધાનું મૂલ્યાંકન જરાય ઓછું નથી. શ્રદ્ધા જે ફળ આપે છે તે ફળ શ્રદ્ધા વગરનું જ્ઞાન આપતું નથી. ભમરો ઇયળની આજુબાજુ સતત ગુંણ ગુંણ શબ્દના અવાજનો પટ આપે જ જાય છે. તેને ખબર નથી કે ઇયર ભમરો શી રીતે થશે? છતાં તાજુબીની વાત એ છે કે આવા સમજ વગરના ગુંણ ગુંણ અવાજથી ઇયળ ભમરો બની જાય છે. ભમરાની એક જ ભાવના છે કે ઇયળને પોતાના રૂપે બનાવવી. એટલે શ્રદ્ધાનું બળ અણુબોમ કરતાંય વધારે છે. પણ આવી સાચી શ્રદ્ધા કયારે પ્રગટે? સંસારના તાપથી વૈરાગ્ય જાગ્યો હોય ત્યારે જ, ભૂતકાળ અને ભવિષ્યકાલ તરફ જીવનો વિચાર દોડે. આ જીવ અનંતો કાળ નિગોદમાં, બાદરમાં, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ઇત્યાદિ પંચેન્દ્રિય, યોનિમાં રખડ્યો. સુખ મેળવવા માટે તેણે અનંતા ભવમાં વલખાં માર્યા, પણ સુખ ન મળ્યું, અગર તો સુખ છોડીને મરણને ભેટવું પડ્યું. અત્યારે પણ સાચો માર્ગ ગ્રહણ કરવામાં નહીં આવે તો જીવ પાછો કયાં ભટકશે તેની ખબર નથી. દેવોને પણ દુર્લભ એવો મનુષ્યભવ શાથી માનવામાં આવ્યો છે? વિવેકની, સારાસારની, લાભાલાભની, તુલના કરવાની મનુષ્યને શક્તિવિશેષ હોય છે. તેથી જ મનુષ્યભવની વિશિષ્ટતા છે. અનંત કાળચક્રમાં સો વરસનું મનુષ્યના આયુષ્યનું પ્રમાણ કાઢી શકાય નહીં, તો એક ભવ વીતરાગ ભગવાને દર્શાવેલા માર્ગનો અખતરો કેમ ન કરવો? તેમને ખોટો માર્ગ બતાવવાનું કાંઈ કારણ હોય જ નહિ. આવા વિચારોના મંથનથી વૈરાગ્ય બુદ્ધિ જાગે છે. વૈરાગ્ય સાથે સમર્પણ ભાવે વીતરાગની ભક્તિ અગર સ્મરણ કરતાં કર્મની નિર્જરા થતાં સહજ ભાવે આત્મા પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે અર્થાત્ આત્મા સંપૂર્ણ આઝાદ બને છે. એમ કહેવાય રહ્યું છે કે સેંકડો માણસો વર્ષોના વર્ષો સુધી જાપ કરે છે, છતાં તેમને જરા પણ લાભ થયાનું, અગર તેમની પ્રકૃતિમાં ફેરફાર થયાનું જોવામાં આવતુ નથી. આ શંકા અશક્ય નથી. જ્યાં એક બાજુ જાપ ચાલતા હોય, ત્યાં બીજી બાજુ મન નિરંકુશપણે, સંકલ્પવિકલ્પના ઘોડા દોડાવતું હોય, ત્યાં આ પ્રમાણે જરૂર બને. સંકલ્પવિકલ્પના પુદ્દગલો તેવા પ્રકારના પુદ્દગલો આકર્ષી વાતાવરણ જુદું ઊભું કરે છે. જાપ તરફના ભાવ કરતાં સંકલ્પવિકલ્પના ભાવમાં રસ વધારે હોવાથી તેનું પ્રાબલ્ય વધારે હોય છે. આથી અસર થતી નથી. બલ્કે નિરંકુશપણે તરંગો માટે ટાઇમ લીધેલો હોવાથી નુકશાન થવાના ભયસ્થાનો વધારે છે. આમાં કંઇ સિદ્ધાંતનો દોષ નથી. શ્રદ્ધા હોય ત્યાં વિકલ્પોનું પ્રાબલ્ય ઓછું હોવું જોઇએ. રામ હોય ત્યાં કામ ન હોય અને કામ હોય ત્યાં રામ ન હોય. દિવસ અને રાત્રિ સાથે રહી શકે નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યાર સુધી વાત સંસાર એ દુ:ખમય છે અને સંપુર્ણ સુખી જીવન વીતરાગ ભગવાનનું છે અને તે જ માર્ગ અનુસરવો યોગ્ય છે, એવી જ જેમની માન્યતા છે, તેમના માટે થઈ, પરંતુ જેઓ એમ કહે છે કે સંસારમાં ભલે દુ:ખ હોય, પરંતુ મોક્ષમાં તો નથી નાટક સીનેમા, નથી મોટરો કે એરોપ્લેનો, નથી હોટલો કે બગીચાઓ, નથી કુટુંબ કબીલો, તો પછી ત્યાંના શુષ્ક જીવનનો મોહ કરવો જ શા સારુ ? જગત આજે જડવાદના શિખર સુધી પહોંચી રહ્યું છે એટલે આ વિચારો કોઈ વ્યક્તિના કે સમૂહના નથી પરંતુ જગતની ૯૮ ટકા કરતાં વધારે ભાગના છે, એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. મોક્ષ કોને કહેવાય અને મોક્ષનું સુખ કેવું છે એનું જ્ઞાન ન હોય ત્યાં સુધી આ વિકલ્પો હોય તે સ્વાભાવિક છે. પ્રત્યક્ષ સુખ અનુભવવાનું છોડી દઇ અને કલ્પિત સુખની આશા રાખવાનું જડવાદથી રંગાયેલું જગત ન જ માને. જગતના તમામ માનવીઓ જગતની દૃષ્ટિએ સુખી તો નથી જ, છતાં અણુયુગના જમાનામાં સંસારસુખની કોઇ કમીના ન રહે એવો વખત પણ કદાચ આવે તો પણ એ સુખ છોડીને જીવ ચાલ્યો જાય છે એનું શું ? ઘરબાર, રિદ્ધસિદ્ધિ, કુટુંબકબીલો છોડવાની જરાય ઇચ્છા ન છતાં જીવ શ્વાસોશ્વાસ પૂરો થતાં એક સમય પણ રોકાતો નથી, તો સંસારમાં સાચું સુખ કયાં રહ્યું ? આનો ઇલાજ વૈજ્ઞાનિકો શોધી કાઢે તો મોક્ષસુખની પરોક્ષ વાતો છોડી દઇએ, પણ વૈજ્ઞાનિકોની બુદ્ધિ અહીં પહોંચતી નથી. તેમણે હાથ ધોઇ નાખ્યા છે. મોક્ષ યા આત્માની આઝાદીની પ્રાપ્તિ થવી મન અને બુદ્ધિથી પર છે. વૈજ્ઞાન એક બુદ્ધિનો વિષય છે. બુદ્ધિશાળી જગત એટલું જ સ્વીકારે કે આત્મા એ સ્વતંત્ર દ્રવ્ય છે. પુદ્‌ગલ એ પણ સ્વતંત્ર દ્રવ્ય છે. એકના આશ્રયે બીજું નથી. જ્યાં સુધી બીજા તરફ પરાશ્રય ભાવ છે ત્યાં સુધી એક દ્રવ્ય સ્વતંત્ર ન બને. આમાં સાચી સમજ સિવાય બીજું કાંઇ જ કરવાનું નથી. એક વાર આવી સાચી સમજ થઇ એટલે સાચા સુખ તરફ પગરણ મંડાણું. જેમ જેમ આ વિચારોનું પ્રાબલ્ય વધતું જાય, તેમ તેમ આત્મા પોતાના સ્વભાવમાં સ્થિર થાય. જેટલા પ્રમાણમાં એ સ્થિર થાય, તેટલા પ્રમાણમાં અંતરમાં આનંદની છોળો ઉછળે. જેટલા પ્રમાણમાં અંદરનો આનંદ વધે, તેટલા પ્રમાણમાં જગતના બાહ્ય સુખો તુચ્છ લાગે. અંદરના આનંદમાંથી બહાર નીકળવાનું મન જ ન થાય, કેમકે આત્માનું સુખ આત્માની પાસે જ છે. પરના આશ્રયે હોય તો તેની સ્વતંત્રતા હણાય. સ્વતંત્રતા હણાઇ એટલે સુખ પરાધીન થયું અને પરાધીન સુખ ટકે નહીં. આત્માની સંપૂર્ણ આઝાદી એનું જ નામ મોક્ષ. આ આઝાદી પ્રાપ્ત કરવી કે પરના આશ્રયે અનંત કાળ સુધી જન્મ–મરણના ચક્રાવામાં ચાલુ રહેવું–એ બે વચ્ચેની પસંદગી કઇ કરવી એ સૌની મુન્સફીની વાત છે. બુદ્ધિશાળી વર્ગને વિશેષ ખુલાસાની અપેક્ષાઓ હોતી નથી. એકાદ મુદ્દા ઉપરથી વાત પકડી લેવાની હોય છે. ભારતભૂમિ જે જગતમાં અધ્યાત્મ ક્ષેત્રે અગ્ર હોવાનો દાવો રાખે છે, તે ભૂમિના આત્માઓને આ વિચારનું મંથન કરવાનો તો વારસો મળેલો છે. એ વારસો જતો કરીએ, તો પછી ભારતનું સ્થાન જગતમાં છેલ્લી હરોળમાં જાય. ભારતની શાન બઢાવવી હોય તો આ વિચારશ્રેણી તરફ વિમુખ ન બનતાં, જગત માને કે ન માને, તો પણ ભારતના મહાપુરુષોએ સાચા સુખનો જે માર્ગ બતાવ્યો છે તે રજૂ કરવાનું ન ચૂકવું જોઇએ. આથી જુદી જુદી દૃષ્ટિએ ફાયદા છે. એક તો આપણું કલ્યાણ આપણે સાધીએ છીએ, બીજું આપણા મહાપુરુષોની આજ્ઞાને વફાદાર બનીએ છીએ. અને ત્રીજું જગત જે વસ્તુ જાણતી નથી તે વસ્તુની ભારત ભેટ આપી જગતને સાચી શાન્તિ અને સાચા સુખનો માર્ગ બતાવે છે. અમર રહો મહાભારતના મહાપુરુષોની વાણી–એટલા જયનાદ સાથે વિરમું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય સમાલોચના

**સંસ્કારની સીડીઃ**—લેખકઃ કવિકુલતિલક મુનિશ્રી કીર્તિવિજયજી મહારાજ. પ્રકાશકઃ શ્રી આત્મકમલલબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર, ૬. એક્ષ. લેન. દાદર–મુંબઇ નં. ૨૮.

ધાર્મિક, સામાજિક, ઐતિહાસિક અને જીવનસુધારણાના જુદા જુદા વિષયો ઉપર ત્રીશ લેખોનો સંગ્રહ ૨૪૦ પાનાના આ પુસ્તકમાં રજૂ કરવામાં આવેલ છે. સંસ્કાર–ઘડતર માટેની પ્રેરણા દરેક લેખમાં ભરી છે. ગ્રંથના આરંભમાં પં. શ્રી કનકવિજયજી મહારાજે લેખોનો પરિચય આપતી લાંબી પ્રસ્તાવના લખી છે; લોકોમાં ધાર્મિક ભાવના જાગે અને વ્યસનો અને અજ્ઞાનતા દૂર થાય તે આશયથી આ ગ્રંથ લખવામાં આવ્યો છે. સંયમ, વિવેક અને સદાચારના અભાવે આજના નવશિક્ષિત યુવાનમાં કોઇ કોઇ સ્થળે જે અનિચ્છનીય વાતાવરણ દેખાય છે, તેની સામે લેખકે પોતાના અંતરની વ્યથા ઠાલવતા આધુનિક શિક્ષણ ઉપર કોઇ કોઇ સ્થળે જે પ્રહારો કર્યા છે, એના બદલે અનિષ્ટ તત્ત્વો સામે જ સામ્ય ભાષામાં જો યોગ્ય અંગુલીનિર્દેશ કરવામાં આવ્યો હતે તો આ લેખો યુવક વર્ગને વધુ પ્રેરણાત્મક નિવડત. એકંદર સંસ્કાર–ઘડતર માટે આવું સાહિત્ય આવકારદાયક છે. તે બદલ તેના લેખક અને પ્રકાશકને અભિનંદીએ છીએ.

**શ્રી વર્ધમાનપંચાશિકા**—લે. પં. શ્રી સુશીલવિજયજી ગણિવર્ય, પ્રકાશકઃ પ્રાચીન સાહિત્ય સંશોધક કાર્યાલય–ટેમ્બીનાકા–થાણા. મૂલ્ય. ૦–૮–૦.

ભગવાન મહાવીરના જીવન અંગે નાના–નાના વાકયોનો સમૂહ આ લઘુ પુસ્તિકામાં રજૂ કરવામાં આવ્યો છે. થાણાખાતેના નવપદજીના ભવ્ય જિનાલયમાં 'ભગવાન મહાવીરના પાંચ કલ્યાણકોને અંગે જે ચિત્રો રજૂ કરવામાં આવ્યા છે. તેમાંના પચાસ ચિત્રોને અંગે પ્રકાશનની એક યોજના ઘડવામાં આવી છે. આ યોજનાનું આ નવમું પુષ્પ છે. તેના સંપાદનનું કાર્ય શ્રી મંગળદાસ ત્રિકમદાસ ઝવેરીએ કર્યું છે. પુસ્તકના કદના પ્રમાણમાં મૂલ્ય જરા વધારે લાગે છે. પ્રચારની દૃષ્ટિએ આવા ટ્રેકટો સસ્તા હોવા ઘટે.

**आत्मनिन्दा-द्वात्रिंशिकाः**—પ્રકાશકઃ વિજયલાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર–બોટાદ (સૌરાષ્ટ્ર) મૂલ્ય. ૧–૪–૦.

મહારાજા કુમારપાળે રચેલ બત્રીશ કડીની આ સ્તુતિ છે. સાથે પં. શ્રી સુશીલવિજયજી મહારાજે આ સ્તુતિ પર રચેલ ટીકા તથા આચાર્ય વિજયામૃતસૂરીશ્વરજી મહારાજે રચેલ પદ્યાનુવાદ પણ આપવામાં આવેલ છે. તેમ જ મહારાજા કુમારપાળનું જીવન–ચરિત્ર પણ આપવામાં આવેલ છે. આત્માર્થીઓ માટે આ પુસ્તિકા ખાસ વાંચન–મનન કરવા જેવી છે.

---

## નમ્ર સૂચના.

**બૃહત્કલ્પસૂત્ર** છઠ્ઠો ભાગ હાલમાં પ્રસિદ્ધ થયો છે, પરંતુ આગલા કેટલાક ભાગોનું વેચાણ ઘણા વખત પહેલાં થયેલું હોવાથી, છ ભાગો તૂટક થયા છે, અને છએ ભાગ પૂરતા નહિં મેળવનાર અથવા બીલકુલ નહિં મેળવનારા અનેક મુનિરાજો, જ્ઞાનભંડારો, ખપી આત્માઓના પૂરતા ભાગ મેળવવા માટે સભા ઉપર અનેક પત્રો આવવાથી, અમોએ અન્ય સ્થળેથી ખૂટતા આગલા ૨–૩–૪–૫ ભાગો મેળવીને હાલમાં થોડા આખા સેટો એકઠા કર્યાં છે, અને તેની નકલો પણ ઘણી થોડી છે, જેથી જોઇએ તેમણે મંગાવવા નમ્ર સૂચના છે. કિંમત ૨–૩–૪–૫ દરેક ભાગના પંદર, પંદર રૂપિયા અને છઠ્ઠા ભાગના સોળ રૂપિયા (પોસ્ટેજ જુદું). કમીશન ટકા ૧૨॥.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિનોબાજીની વાણી

પ્રેમ તો દુનિયામાં છે જ. એનો અનુભવ દરેક મનુષ્યને થાય છે. પ્રેમ તો માણસ ગળથૂથીમાંથી મેળવે છે, પણ તે છતાં દુનિયામાં ખળભળાટ છે, અશાંતિ છે, ઝગડા છે. એનું કારણ એ નથી કે દુનિયામાં પ્રેમનો અભાવ છે; પણ પ્રેમ પ્રવાહિત નથી, રૂંધાઇ ગયો છે. જેમ પાણી ખાબોચિયામાં ભરાઇ રહે તો એમાં મચ્છર થાય છે અને ઝરણું વહેતું રહે તો એનું જળ નિર્મળ અને સ્વચ્છ રહે છે, તેમ કુટુંબીજનોનો પ્રેમ કુટુંબ પૂરતો સીમિત રહે છે, તેથી ગુણ કરવાને બદલે દોષરૂપ બને છે. પ્રેમમાંથી જ દ્વેષ જન્મે છે એ એક અદ્ભુત વસ્તુ છે. કેટલાકને માણસ સ્વજન કહે છે અને બીજાને પરજન કહે છે. આવો ભેદ થતાં જ દ્વેષ પેદા થઇ જાય છે. ત્યાં સ્વજન પ્રત્યેનો પ્રેમનો અર્થ જ પરજન પ્રત્યેનો દ્વેષ એવો થાય છે. તેથી દ્વેષને મટાડવા માટે પ્રેમ વધારવાની વાત હું નથી કરતો. દુનિયામાં પ્રેમ તો છે જ, સવાલ એને વ્યાપક કઇ રીતે કરવો એ જ છે.

× × × ×

એવું જ ધર્મના ભેદોનું હોય છે; પણ જે જુદી જુદી જાતની ઉપાસનાની રીતો હોય છે તે તો સવલત માટે જ હોય છે. ધર્મપ્રેમ, ભાષાપ્રેમ, જાતિપ્રેમ એનો અર્થ જો એવો માની બેસીએ કે આપણે એકમેકથી જુદા થઇ ગયા તો તો આપણે આપણે જ હાથે આપણું ગળું રહેંસ્યું અને પ્રેમે આપઘાત કર્યો. પ્રેમ જ્યારે આપઘાત કરે છે ત્યારે દ્વેષનો જન્મ થાય છે, તેથી આપણે બહુ સાવધ રહેવાનું છે. પ્રેમ તો આપણી પાસે પહેલેથી જ છે. પણ તે સાંકડો ન બની જાય એનું જ ધ્યાન રાખવાનું છે. આપણે તો બધી જાતના વર્ગભેદ મટાડવા છે. બધી જાતની માલિકી મિટાવવી છે. આપણે તો બધા ભાઇ ભાઇ થઇને સેવક તરીકે દુનિયામાં રહેવા માગીએ છીએ, તેથી કોઇ જાતના ભેદને આપણે આપણા રસ્તામાં અંતરાયરૂપ નહિ થવા દઇએ.

× × × ×

નાસ્તિક કોણ છે અને આસ્તિક કોણ છે તે તો ભગવાનને ખબર. ઘણા ભગવાનનું નામ લે છે અને કાળાં કામ કરે છે, અને કેટલાક ભગવાનનું નામ કદી નથી લેતા અને તો યે સારાં કામ કરે છે. સારાં કામ કરે છે તેથી અમારા સાથી બની જાય છે. ભગવાનનાં નામ તો એટલા બધાં છે કે એને નામે ઝગડીએ તો તો આપણે એને ઓળખ્યો જ ન ગણાય. 'અસ્તિ' પણ એનું નામ છે અને 'નાસ્તિ' પણ એનું નામ છે. તેથી કેટલાક એના આસ્તિક ભક્ત હોય છે અને કેટલાક નાસ્તિક ભક્ત હોય છે. બન્ને ય ભક્ત થઇ શકે, શરત માત્ર એટલી કે બે ય માનવધર્મને ઓળખે. અને બન્ને ય અભક્ત પણ થઇ શકે, જો માનવધર્મને છોડે તો. આમ આવા બધા જે તત્વજ્ઞાનમાંથી ઊભા થતા ભેદભાવો છે તે પણ આપણને આડા આવવા ન જોઇએ. તેથી હું ઇચ્છું છું કે આપણામાં મુખ્ય વસ્તુને ઓળખવાની, મુદ્દાને પારખી લેવાની બુદ્ધિ હોય. આપણે ગૌણ વસ્તુને મહત્વ ન આપીએ. મુખ્ય વસ્તુ તો છે વિશ્વવ્યાપક પ્રેમ.

—"ભૂમિપુત્ર"માંથી

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only